dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 350 | AD - 2024, Bhadarva Vad -07 | Tuesday, Dt.24-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સુપ્રીમ કોર્ટે સંસદને પોક્સો એક્ટમાં સુધારો કરવા માટે કાયદો લાવવાનું સૂચન કર્યું

## ચાઈલ્ડ પોર્ન જોવું અને ડાઉનલોડ કરવું એ પોકસો આઈટી એક્ટ હેઠળ ગુનો : સુપ્રીમ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩

સુપ્રીમ કોર્ટે સોમવારે મદ્રાસ હાઈકોર્ટના આ નિર્ણયને રદ કર્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે માત્ર ચાઈલ્ડ પોર્નોગ્રાફી ડાઉનલોડ કરવી અને જોવી એ પોક્સો એક્ટ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો નથી. જે બાદ મદ્રાસ હાઈકોર્ટના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સોમવારે આ નિર્ણયની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે ફોન પર ચાઈલ્ડ પોર્નોગ્રાફી ડાઉનલોડ કરવી, રાખવી અને જોવી એ પાકસો અને આઈટી એક્ટ હેઠળ ગુનો છે. આજે આ મામલાની સુનાવણી કરતા ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે કહ્યું કે ચાઈલ્ડ પોર્નોગ્રાફીથી સંબંધિત ફોટા અને વીડિયો સ્ટોર કરવો એ બાળકોના જાતીય અપરાધોથી રક્ષણ અધિનિયમ હેઠળ ગુનો છે. એટલું જ નહીં, સુપ્રીમ કોર્ટે સંસદને પોકસો એક્ટમાં સુધારો કરવા માટે કાયદો લાવવાનું સૂચન કર્યું. જેમાં 'ચાઈલ્ડ પોર્નોગ્રાફી' શબ્દને 'બાળ જાતીય શોષણ અને અપમાનજનક સામગ્રી' સાથે બદલવો જોઈએ. આરોપીઓ સામે ફોજદારી કાર્યવાહી ફરી શરૂ કરતા સુપ્રીમ કોર્ટે આજે સ્પષ્ટપણે જણાવ્યું કે ચાઈલ્ડ પોર્નોગ્રાફી શેર કરવી, જોવી, બનાવવી અને ડાઉનલોડ કરવી એ તમામ સજાપાત્ર અપરાધો છે. સુપ્રીમ કોર્ટે આ કેસમાં બે અરજદાર સંગઠનોનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ એચએસ ફૂલકાની દલીલોની નોંધ લીધી હતી કે હાઈકોર્ટનો નિર્ણય આ સંદર્ભમાં કાયદાની વિરુદ્ધ છે. વરિષ્ઠ વકીલ ફરીદાબાદ સ્થિત એનજીઓ જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન એલાયન્સ અને નવી દિલ્હી



સ્થિત બચપન બચાવો આંદોલન વતી કોર્ટમાં હાજર થયા હતા. સંસ્થાઓ બાળકોના કલ્યાણ માટે કામ કરે છે. વાસ્તવમાં, સર્વોચ્ચ અદાલત હાઈકોર્ટના નિર્ણયને અત્યાચારી ગણાવીને પડકારતી અરજી પર સુનાવણી કરવા સંમત થઈ હતી. હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે બાળ પોર્નોગ્રાફી ડાઉનલોડ કરવી અને જોવી એ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો નથી. હાઈકોર્ટે તેના ૧૧ જાન્યુઆરીના ચુકાદામાં ૨૮ વર્ષીય વ્યક્તિ સામેની ફોજદારી કાર્યવાહીને પણ રદ કરી દીધી હતી જેના પર તેના મોબાઈલ ફોન પર ચાઈલ્ડ પોર્નોગ્રાફી સામગ્રી ડાઉનલોડ કરવાનો આરોપ હતો. હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે આજકાલ બાળકો પોર્નોગ્રાફી જોવાની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે અને સમાજે તેમને સજા કરવાને બદલે તેમને શિક્ષિત કરવા પરિપક્વ બનવું જોઈએ. મદ્રાસ હાઈકોર્ટે પોક્સો એક્ટ, ૨૦૧૨ અને આઈટી એક્ટ, ૨૦૦૦ હેઠળ એસ હરીશ સામેના ફોજદારી કેસને રદ કર્યો હતો. આઈટી એક્ટની કલમ ૬૭ બી હેઠળ ગુનો બનાવવા માટે, આરોપીએ લૈંગિક-સ્પષ્ટ કૃત્યો અથવા આચરણમાં બાળકોને દર્શાવતી સામગ્રી પ્રકાશિત, પ્રસારિત કરવી અથવા બનાવવી આવશ્યક છે.

હાઈકોર્ટે કહ્યું હતું કે, 'આ જોગવાઈને કાળજીપૂર્વક વાંચવાથી ચાઈલ્ડ પોર્નોગ્રાફી જોવી એ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૭બી હેઠળ ગુનો નહીં બને.'

### મુખ્યમંત્રી ચંદ્રાબાબૂએ લગાવેલા ભેળસેળના આરોપોની તપાસની માંગ કરી

## તિરુપતિ વિવાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, સુબ્રમણ્યમ સ્વામીએ પીઆઈએલ દાખલ કરી

નવીદિલ્હી,તા.૨૩

વિશ્વ પ્રસિદ્ધ તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ભેળસેળના મામલે હવે સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી છે. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ આ પીઆઈએલ દાખલ કરી છે. સુબ્રમણ્યમ સ્વામીએ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ દ્વારા લગાવવામાં આવેલા ભેળસેળના આરોપોની તપાસની માંગ કરી છે. તમને જણાવી દઈએ કે આંધ્ર પ્રદેશના સીએમ ચંદ્રબાબુ નાયડુએ તાજેતરમાં એનડીએ વિધાનસભ્ય દળની બેઠક દરમિયાન તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં પશુઓની ચરબીની ભેળસેળનો આરોપ લગાવ્યો હતો. જો કે પૂર્વ મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ તેને રાજકીય ભાષણબાજી ગણાવી છે. દેશના સૌથી ધનાઢ્ય મંદિરનું સંચાલન કરતા બોર્ડે ખુલાસો કર્યો હતો કે તેને ગુણવત્તા પરીક્ષણ માટે મોકલવામાં આવેલા નમૂનાઓમાં હલકી ગુણવત્તાની ઘી અને પશુ ચરબીની ભેળસેળ મળી છે. લાડુમાં પશુઓની ચરબીની ભેળસેળનો દાવો કરતા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુએ કર્યું હતું. આ મુદ્દા પર અગાઉની વાયએસઆર કોંગ્રેસ પાર્ટી સરકારને દોષી ઠેરવ્યા પછી, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વાય એસ જગનમોહન રેડ્ડીએ તેને વિક્ષેપની રાજનીતિ અને બનાવટી વાર્તા ગણાવી હતી. સમગ્ર વિવાદ બાદ કેન્દ્ર સરકારે આ મામલે આંધ્રપ્રદેશ સરકાર પાસેથી રિપોર્ટ માંગ્યો છે અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. કેન્દ્રીય ખાદ્ય મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું છે કે આરોપોની તપાસ કરવામાં આવશે. શુક્રવારે લેબોરેટરીના રિપોર્ટને ટાંકીને ટીટીડીએ કહ્યું કે ઘીમાં 'ચરબી' અને અન્ય અશુદ્ધિઓ મળી આવી હતી. ટીટીડીના એક્ઝિક્યુટિવ ઓફિસર જે. શ્યામલા રાવે જણાવ્યું હતું કે લેબોરેટરી ટેસ્ટમાં સેમ્પલમાં પ્રાણીની ચરબી અને ટેલો મળી આવ્યા છે અને બોર્ડ આ 'ભેળસેળયુક્ત' ઘી સપ્લાય કરતા કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની પ્રક્રિયામાં છે.

## ન્યૂયોર્કમાં ભારત અને નેપાળના પ્રધાનમંત્રી વચ્ચે વિવિધ ક્ષેત્રો પર સહયોગ વધારવા ચર્ચા

**કેપી શર્મા ઓલીની છબી ભારત વિરોધી અને ચીનપ્રેમી રહી છે**



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩

નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ ન્યૂયોર્કની લોટ્ટે પેલેસ હોટલ પહોંચ્યા બાદ પીએમ મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. આ પછી તેમનું પહેલું નિવેદન સામે આવ્યું છે. કેપી ઓલીએ કહ્યું કે મીટિંગ ઘણી સારી રહી. માનવામાં આવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની દ્વિપક્ષીય મંત્રણામાં વિવિધ ક્ષેત્રીય, પરસ્પર સહયોગ અને અન્ય મુદ્દાઓ પર ચર્ચા થઈ છે. નેપાળના ફરીથી પીએમ બન્યા બાદ કેપી શર્મા ઓલીની ભારતના વડાપ્રધાન સાથે આ પ્રથમ મુલાકાત છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે બંને નેતાઓની મુલાકાત બાદ ભારત-નેપાળ સંબંધોને પરસ્પર જાળવવા અને ગાઢ બનાવવાની દિશામાં પગલાં લેવામાં આવશે. જો કે કેપી શર્મા ઓલીની છબી ભારત વિરોધી અને ચીન પ્રેમી રહી છે. અગાઉ તેમના કાર્યકાળ દરમિયાન કેપી શર્મા ઓલીએ કથિત રીતે ચીનના ઈશારે ભારત સાથેના સંબંધો બગાડ્યા હતા. કેપી ઓલીએ ભારતના કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખ વિસ્તારો પર નેપાળનો દાવો રજૂ કર્યો હતો. જેના કારણે બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો હતો. જોકે, થોડા સમય બાદ તેમણે વડાપ્રધાન પદ ગુમાવ્યું હતું. આ પછી પુષ્પ કમલ દહલ પ્રચંડ પીએમ બન્યા. ત્યારપછી ભારત-નેપાળના સંબંધો ફરી સ્થિર થયા હતા. પરંતુ કેપી ઓલી ફરી સત્તામાં આવ્યા બાદ ભારતની ચિંતા વધી ગઈ છે.




## ભારત અને અમેરિકા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધો વિશ્વના ભલા માટે છે : મોદી



(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાસાઉમાં કહ્યું કે આ વર્ષ વિશ્વ માટે મહત્વપૂર્ણ છે. દુનિયા તણાવમાંથી પસાર થઈ રહી છે. જ્યારે ભારત અને અમેરિકા લોકશાહીની ઉજવણી કરી રહ્યા છે. એક તરફ ભારતમાં ચૂંટણી યોજાઈ છે અને અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. ભારત અને અમેરિકા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધો વિશ્વના ભલા માટે છે. આ પછી તેમણે એનઆરઆઈને આપેલી ભેટની યાદ અપાવી અને કહ્યું કે સિએટલમાં અમારું નવું કોન્સ્યુલેટ ખુલ્યું છે. વધુ ૨ કોન્સ્યુલેટ માટે સૂચનો માંગવામાં આવ્યા હતા. વડાપ્રધાને કહ્યું કે હવે તમે ટૂંક સમયમાં ભારતમાં પણ ઓલિમ્પિકના સાક્ષી થશો. અમે ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની માટે તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. નાસાઉમાં તેમણે કહ્યું કે હું દેશનો પહેલો વડાપ્રધાન છું, જેનો જન્મ આઝાદી બાદ થયો હતો. તેથી, મને દેશની આઝાદી માટે મરવાનું સૌભાગ્ય નથી મળ્યું, પરંતુ હવે હું દેશ માટે જીવવા માંગુ છું. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું સીએમ અને પીએમ બનીશ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે હું ૧૩ વર્ષ સુધી ગુજરાતમાં સીએમ રહ્યો અને પછી લોકોએ મને પ્રમોશન આપીને પીએમ બનાવ્યો. અમારી સરકારના મોડલની સફળતા દેશ અને દુનિયાએ જોઈ છે. હવે એ જોઈને કે લોકોએ મને આ ત્રીજી ટર્મ ખૂબ જ વિશ્વાસ સાથે સોંપી છે. સ્વરાજ માટે હું મારું જીવન અર્પણ કરીશ. પીએમ મોદીએ કહ્યું કે મારું જીવન એવું હતું કે જ્યાં હું રહ્યો ત્યાં ખાધું, ત્યાં પીધુ અને ત્યાં સૂઈ ગયો. સમુદ્રમાંથી હિમાલયના શિખરો સુધી ગયા. જીવનનો પ્રથમ અનુભવ લીધો. મારું મિશન પહેલા દિવસથી જ સ્પષ્ટ હતું. મેં મારા જીવન માટે એક અલગ દિશા નક્કી કરી હતી, પરંતુ મારા ઈરાદા મને રાજકારણમાં લઈ ગયા. દેશની આઝાદી માટે કેટલાકને ફાંસી આપવામાં આવી અને કેટલાકને ગોળીઓ લાગી. પરંતુ આપણે દેશ માટે મરી શકતા નથી, પરંતુ દેશ માટે જીવી શકીએ છીએ. દેશની આઝાદી માટે મરવું એ આપણા નસીબમાં નથી, પણ જીવવું એ આપણું નસીબ છે. પીએમ મોદીએ કહ્યું કે ભારતની જનતાના જનાદેશનો ઘણો અર્થ છે. અમને સતત ત્રીજી વખત સત્તામાં રહેવાની તક આપવામાં આવી છે.









# પીજીવીસીએલ વાસાવડ પેટા વિભાગીય કચેરીનું વિભાજન થતાં ખેડૂતોમાં આનંદ

**ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆત રંગ લાવી**



અમરેલી, તા.૨૩

ગોંડલ વિભાગીય કચેરી નીચે આવતા વાસાવડ વિભાગીય કચેરીનું કાર્યક્ષેત્ર ખૂબ જ મોટું હોય જેમાં કુલ ૩૭૬૯૯ વીજ ગ્રાહકોને વીજળી પહોંચાડવાની કામગીરી કરવામાં આવતી હતી. જેમાં બાબરા અને કુંકાવાવ તાલુકાનાં ૨૨ ગામડાઓનો પણ સમાવેશ થતો હતો. વાસાવડ પેટા વિભાગીય કચેરીમાં વીજ કામગીરી ખૂબ જ વધારે હોય જેથી પેટા વિભાગીય કચેરીનું વિભાજન કરવું ખૂબ જ જરૂરી હોવાથી આ બાબતે ધારાસભ્ય જનક તળાવીયાને રજૂઆત કરવામાં આવી હતી. કારણ કે અવારનવાર વીજ સમસ્યાથી વીજ ધારકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. જેથી ધારાસભ્ય જનક તળાવીયાએ આ બાબતે ઉર્જામંત્રીને રજૂઆત કરતાં વાસાવડ પેટા વિભાગીય કચેરીનું વિભાજન કરવામાં આવતા ૨૨ ગામના લોકો દ્વારા ધારાસભ્યનો આભાર માનવામાં આવ્યો હતો.

# 'સ્વચ્છતા હી સેવા', 'સેવાસેતુ' અને 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વિવિધ વિસ્તારોમાં કાર્યક્રમો યોજાયા

અમરેલી તા.૨૩

તાજેતરમાં અમરેલી તાલુકાના વરસડા ગામે 'સ્વચ્છતા હી સેવા' 'સેવાસેતુ' સહિતના કાર્યક્રમો યોજાયા હતા. વડીયા તાલુકાના તોરી ખાતે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ



વેકરીયા, પ્રાંત અધિકારી નંદાએ મુલાકાત લીધી હતી. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટિફિકેટ અને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. મોટા લીલીયા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. સ્વચ્છતા હી સેવા અને એક પેડ મા કે નામ અભિયાન અન્વયે લીલીયા તાલુકા મામલતદાર અને લીલીયા તાલુકા વિકાસ અધિકારી દ્વારા સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# શ્રી લાલાવદર પ્રાથમિક શાળામાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા યોજાઈ

અમરેલી,તા.૨૩



સ્માર્ટ સ્કૂલ સરકારી લાલાવદર પ્રા.શાળામાં આજે ગાયત્રી પરિવાર શાંતિકુંજ-હરિદ્વાર દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન પ્રસરે, રાષ્ટ્ર ઉત્થાન, રાષ્ટ્રીય ભાવના, સંસ્કૃતિનું ગૌરવ વધારે, માનવીની સદભાવના પ્રગટે, કર્તવ્યનો બોધપાઠ શીખે, સંસ્કારનું સિંચન જેવા સદગુણોની કેળવણી પ્રાપ્ત કરે તે માટેની પરીક્ષા લેવામાં આવી હતી.

# ધારીમાં બજરંગ ગ્રુપ દ્વારા નિઃશૂલ્ક મેડિકલ કેમ્પ યોજાયો, બાળ દર્દીઓની તપાસ કરાઈ

ધારી,તા.૨૩

ધારીની સેવાકીય સંસ્થા બજરંગ ગ્રુપ દ્વારા ફાટેલા હોઠ, ચહેરાની ખોડ અને ફાટેલા તાળવા તેમ જ હોઠ જે લોકોને જન્મજાત ન હોય તેવા બાળકો-દર્દીઓ માટે વિનામૂલ્યે નિદાન તેમજ પ્લાસ્ટિક સર્જરી કરવાના કેમ્પનું આયોજન ધારી ખાતે રાખવામાં આવેલું હતું. આ મેડિકલ કેમ્પમાં ખૂબ બહોળી સંખ્યામાં લોકો




તસ્વીર : સંજય વાળા

ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત ડૉ. રિષભ શાહ, ડૉ. જયભાઈ અને હરીશભાઈ જાધવની ટીમે આ કેમ્પમાં ભાગ લેનાર દરેક દર્દીઓની તપાસ કરી જરૂરી સૂચન કરવામાં આવ્યું હતું. બજરંગ ગ્રુપ દ્વારા જણાવવામાં આવેલ કે આ દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન પણ આ ડોક્ટરો દ્વારા કરી આપવામાં આવશે. આ મેડિકલ કેમ્પમાં બજરંગ ગ્રુપના પ્રમુખ પરેશ પટ્ટણી, ધર્મેન્દ્રભાઈ લહેરૂ, ભરતભાઈ મકવાણા, જિગ્નેશપુરી ગોસ્વામી, જયેશભાઈ નાંઢા, અને બજરંગ ગ્રુપના પાયાના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલામાં શિવાજીનગર ગૌશાળામાં વસા પરિવાર દ્વારા ગૌસેવા આયોજન

સાવરકુંડલા,તા.૨૩

શ્રી શિવાજીનગર ગૌશાળા, સાવરકુંડલા ખાતે આજે એક અનોખી સેવા પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. અમેરિકા નિવાસી ડિમ્પલબેન પરાગભાઈ વસા અને તેમના પુત્ર પ્રિયાંશ પરાગભાઈ વસા તરફથી ગૌશાળાની ગાયોને લાપસી ખવડાવવામાં આવી હતી. ગૌશાળામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને ગાયોની સેવા



નિયમિત રીતે કરવામાં આવે છે. વસા પરિવારે ગાયોને લાપસી ખવડાવ્યા બાદ ગૌમાતાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૨૭મીએ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી તા.૨૩

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૦ વાગ્યે બાબરા સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે ભરતી મેળાનું આયોજન છે. વિવિધ નોકરીદાતા દ્વારા ખાલી જગ્યાઓને અનુરુપ ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા સાથે ગ્રેજ્યુએટ/ માસ્ટર/ આઈ.ટી.આઈ/ ડિપ્લોમા/બેચલર ઓફ એન્જિનિયરીંગ શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકોએ ઉપસ્થિત રહેવું. રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup પર નોંધણી થયા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. ભરતીમેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો (૦૨૭૯૨) ૨૨૩૩૯૪ dee-amr@gujarat.gov.in સંપર્ક કરવો.

# ધારીનાં ગોપાલગ્રામ ખાતે બાવન ગજની ધજાનું સ્વાગત



અમરેલી, તા.૨૩

ધારી તાલુકાનાં ગોપાલગ્રામ ગામે કાઠી ક્ષત્રિય સમાજનાં કુળદેવી ગાત્રાડ માતાજીનાં મંદિરેથી બાવન ગજની ધજાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાવન ગજની ધજા મોટા બસ સ્ટેશનથી ગામના વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રાનાં સ્વરૂપે નીકળી હતી. તેમજ પાદરગઢ, હાલરીયા સહિતનાં ગામોમાં ફરી તરવડા પહોંચી હતી. ઢોલ-નગારા સાથે બાવન ગજની ધજાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલામાં લાયન્સ ક્લબ દ્વારા ભવ્ય નવરાત્રિ ઉજવાશે

સાવરકુંડલા,તા.૨૩

લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા નવરાત્રિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં સિગ્મા સ્કૂલ સામે ભુવા રોડ ખાતે નવરાત્રિ મહોત્સવ ઉજવાશે. અમરેલી જિલ્લામાં પ્રથમવાર લેડિઝ અને જેન્ટ્સ બાઉન્સર સિક્યુરિટી સાથે આયોજન



તસવીર : સૌરભ દોશી

તથા ફ્રી વિશાળ પાર્કિંગ પ્લોટ અને તે પણ સિક્યુરિટી સ્ટાફ સાથે ઉજવાશે. લાયન પ્રેસિડેન્ટ પ્રતીકભાઈ નાકરાણી તથા લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા ભવ્ય નવરાત્રિ મહોત્સવ ઉજવવા માટે તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

ભવ્ય અને દિવ્ય રીતે અદભુત આ નવરાત્રિ મહોત્સવ લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા યોજાશે.

# બગસરાના એસટી ડેપોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**આ કાર્યક્રમ દરમિયાન કુલ ૨૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.**

બગસરા,તા.૨૩

બગસરા એસટી ડેપો દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગઈકાલે એક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ



તસવીર : હાર્દિક બામટા

કાર્યક્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ડેપો મેનેજર અને અન્ય અધિકારીઓની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પ્રથમ તબક્કામાં ૫ વૃક્ષો રોપવામાં આવ્યા હતા અને ત્યારબાદ વધુ ૨૦ વૃક્ષો રોપીને કુલ ૨૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમથી એસટી ડેપોના કર્મચારીઓ અને સ્થાનિક લોકોમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાઈ હતી.

# રાજુલા તાલુકા પ્રજાપતિ શિક્ષણ સમિતિ આયોજિત તેજસ્વી તારલા સન્માન સમારંભ યોજાયો

રાજુલા,તા.૨૩

રાજુલા શહેરમાં વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી ખાતે સમસ્ત પ્રજાપતિ સમાજના તેજસ્વી તારલાઓનો આઠમો સન્માન સમારંભ ભવ્ય રીતે યોજાયો હતો. જેમાં ધોરણ નવથી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન



તસવીર : ગોપાલ રાઠોડ

કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ અને આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ તેમજ જ્ઞાતિના બાળકો દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવેલ, સમસ્ત પ્રજાપતિ કુંભાર સમાજના કુલ ૬૫ જેટલા તેજસ્વી તારલાને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં આ તાલુકાના ગુર્જર, કડિયા, વાટલીયા, સોરઠીયા અને મારુ સમાજના આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બગસરામાં ભાજપના પ્રાથમિક સદસ્ય બનાવવા ભાર, કાર્યકરોમાં ભારે નારાજગી

**સામાન્ય કામ થતા ન હોવાનો કાર્યકરોએ બળાપો કાઢયો**

અમરેલી,તા.૨૩

રાજયમાં ભાજપના પ્રાથમિક સદસ્ય બનાવવા માટે આદેશ આપવામાં આવ્યો છે ત્યારે બગસરા ભાજપના કાર્યકરોમાં સદસ્ય બનાવવાની કામગીરી સામે નારાજગીનો માહોલ ઉભો થયો છે. જા કે ભાજપ કાર્યકરોના સામાન્ય કામ પણ થતા ન હોવાનુ સામે આવતા આક્રોશ ફેલાયો છે. પ્રદેશ કક્ષાએથી ભાજપના પ્રાથમિક સદસ્ય બનાવવા માટે ભાર મુકવામાં આવી રહ્યો છે ત્યારે બગસરામાં વિપરીત સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના પાલિકા સદસ્યો, પાયાના કાર્યકરો સહિતનાઓ દ્વારા આડકતરી રીતે આ અભિયાનનો વિરોધ જોવા મળી રહ્યો છે. આ અંગે ભાજપના કાર્યકરોએ રોષ સાથે જણાવ્યુ હતું કે, સદસ્યોના સામાન્ય કામ પણ થતા નથી. માત્ર જનમેદની કે સદસ્યતા અભિયાન માટે જ કાર્યકરોનો ઉપયોગ કરવામાં આવે છે. જિલ્લાના નેતાઓ કાર્યકરોના કામ કરતા નથી. પક્ષપલટુઓને મહત્વ આપવામાં આવી રહ્યુ છે. જિલ્લામાંથી ભાજપના પ્રાથમિક સદસ્ય બનાવવા માટે ભાર મુકવામાં આવતો હોવા છતાં કાર્યકરો સદસ્યતા અભિયાન બાબતે કોઈ કામગીરી નહી કરવામાં આવે તેવુ રોકડુ પરખાવી રહ્યાં છે. ભાજપ આગેવાનોની નીતિને કારણે કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# અમરેલીની ઠેબી નદી વિસ્તારમાં જુગાર રમી રહેલા ૬ શખ્સો ઝડપાયા

**પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૧૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો**



અમરેલી,તા.૨૩

અમરેલી શહેરના ઠેબી નદી વિસ્તારમાં ઈંટોના ભઠ્ઠા પાસે જાહેરમાં જુગાર રમી રહેલા લોકો પર એલસીબીએ દરોડો પાડી ૬ ઈસમોને ૧૧ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. અમરેલી શહેરમાં ઠેબી નદી નજીક આવેલા ઈંટોના ભઠ્ઠા પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની પોલીસને બાતમી મળતા એલસીબીએ દરોડો પાડી ૬ શખ્સોને ૧૧ હજારના મુદ્દામાલ સાથે સંજયભાઈ વનમાળીભાઈ બારેજા, વિનોદભાઈ સુરેશભાઈ બારેજા, પ્રફુલભાઈ પોપટભાઈ બારેજા, દિપકભાઈ સુરેશભાઈ બારેજા, અરવિંદભાઈ ભુપતભાઈ ધોધારી, દિનેશભાઈ પોપટભાઈ માલવી તમામ રહે. અમરેલીવાળાને ઝડપી પાડી અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં આરોપીઓને સોંપ્યા હતા.

# રાજુલા આર.કે. સાયન્સ શાળાનાં મેદાનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



રાજુલા, તા.૨૩

રાજુલા આર.કે સાયન્સ શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, સાગરભાઈ સરવૈયા, ચિરાગ બી. જોષી, વિશ્વ હિન્દુ પરિષદ અધ્યક્ષ યુવરાજભાઈ ચાંદુ, નાગરિક બેંક ચેરમેન મહેન્દ્રભાઈ ધાખડા, જે.ડી.ભાઈ તથા રાજાભાઈ મિહિરભાઈ દવે, હરેશભાઈ જેઠવા, પ્રદિપભાઈ જોષી અને શાળા સંચાલક મંડળ તથા શિક્ષણ સ્ટાફ હાજર રહ્યા હતા.

# સાવરકુંડલામાં એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા ઝુંબેશ અને સ્વચ્છતા શપથગ્રહણ સમારોહ યોજાયો

સાવરકુંડલા, તા.૨૩



સાવરકુંડલામાં એસ.ટી. ડેપો ખાતે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત સ્વચ્છતા શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. આ તકે સાવરકુંડલા એસ.ટી. ડેપોના કર્મચારીઓ, ડ્રાઈવર, કંડકટર, હેલ્પરો અને વોચમેનો દ્વારા ડેપોની સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી, અહીં તમામ કર્મચારીઓએ સ્વચ્છતાના શપથ ગ્રહણ કર્યા હતા. આ તકે ડેપો મેનેજર વિમલભાઈ નથવાણી, ટ્રાફિક ઈન્સ્પેકટર પુનીતભાઈ જોષી, પ્રવિણભાઈ સાવજ, મેહુલભાઈ ત્રિવેદી, જીવનભાઈ વેકરીયા, દીપકભાઈ માલાણી, શહેર ભાજપ, તાલુકા ભાજપ, પાલિકા સદસ્યો વગેરેએ સફાઈ અભિયાનમાં ઉપસ્થિત રહી સ્વચ્છતા માટે શપથ લીધા હતા.

# ડીડીઓ આજે તમાકુ મુક્તિના સંકલ્પ સાથે જનજાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવશે

અમરેલી તા.૨૩

અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા આજરોજ તા.૨૪ સપ્ટેમ્બરને મંગળવારના રોજ સવારે ૮ વાગ્યે તમાકુ મુક્તિના સંકલ્પ સાથે જનજાગૃત્તિ રેલીને પ્રસ્થાન કરાવશે. આ તકે 'ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ૨.૦'નું લોન્ચિંગ કરવામાં આવશે. તમાકુથી થતાં નુકસાન અને મહામારી અટકાવવાના ઉદ્દેશ સાથે યોજાનાર આ રેલીમાં વધુમાં વધુ નાગરિકોને જોડાવા માટે નોડલ ઓફિસર ટોબેકો કંટ્રોલ અને અમરેલી તાલુકા વિકાસ અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

# સાવરકુંડલા સરકારી પ્રા. શાળાની બાળા કલાકાર ભજન સ્પર્ધામાં પ્રથમ

સાવરકુંડલા,તા.૨૩



અમરેલી મુકામે અમરેલી જિલ્લા બાળ પ્રતિભા શોધ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં બ્રાન્ચ શાળા નંબર - ૬ સાવરકુંડલાની ધોરણ ૪ માં અભ્યાસ કરતી નાનકડી બાળા યશ્વી કલ્પેશકુમાર સોજીત્રાએ તેમની કંઠની કલાને અમરેલી મુકામે પ્રદર્શિત કરીને વિવિધ સ્પર્ધાઓમાં બાજી મારી છે. ભજન સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે.

તેમજ લોકગીત સ્પર્ધામાં દ્વિતિય નંબર પ્રાપ્ત કરીને બ્રાન્ચ શાળા નંબર - ૬ નું ગૌરવ વધારેલ છે.

# બાબરકોટ ગામે યુવકે ઠપકો આપતાં માથાના ભાગે ઈજા કરી

જાફરાબાદ, તા.૨૩

જાફરાબાદના બાબરકોટ ગામે રહેતા એક યુવકે તેના ઘરની બહાર ગાડી પાર્ક કરી હતી. એક યુવકની મોટર સાયકલ તેને અડી જતાં ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું અને ગાળો બોલી માથાના ભાગે મુંઢ ઈજા કરી હતી. બનાવ અંગે લાખાભાઈ મધુભાઈ સાંખટ (ઉ.વ.૩૦)એ ચંદ્રેશભાઈ ભવાનભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની દુકાનની બહાર મોટર સાયકલ પાર્ક કરી હતી. આરોપીની મોટર સાયકલ તેમના મોટર સાયકલને અડી જતાં ઠપકો આપ્યો હતો. જેથી સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈને ગાળો આપી હતી. તેમજ માથાના ભાગે મુંઢ ઈજા કરી હતી. જાફરાબાદ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.આર.ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**ડોળાસા**

નિવાસી લીલાવંતીબેન મગનલાલ પંડ્યા, (ઉ.વ. ૮૮ વર્ષ) તે રસિકલાલ એમ. પંડ્યા (જૂનાગઢ); મહેન્દ્રભાઈ એમ. પંડ્યા ( કેસરિયા), હરેશભાઈ એમ. પંડ્યા ( ડોળાસા ), પંકજભાઈ એમ.પંડ્યા ( ઉના ),દિનેશભાઈ એમ.પંડ્યા ( કેસરિયા ), નીલાબેન વિષ્ણુપ્રસાદ પાઠક ( રાજકોટ ) અને ભાવનાબેન પ્રફુલચંદ્ર આચાર્ય ( રાજકોટ ) ના માતુશ્રીનું અવસાન તા.૧૯/૦૯/૨૦૨૪ ના રોજ થયેલ છે. સદ્ગતની ઉત્તરક્રિયા તા.૩૦/૦૯/૨૦૨૪ સોમવારે કેસરિયા મુકામે રાખેલ છે.


ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ ૩ ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્ક્રીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo. 98242 65665

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
ROOF TOUCH SHEETS 2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# ગુજકોમાસોલની સિદ્ધિઓ અંગે વિગતો આપતા દિલીપ સંઘાણી

અમરેલી,તા.૨૩

દેશની અગ્રગણ્ય સહકારી ક્ષેત્રની કંપની ગુજકોમાસોલ દ્વારા ટૂંકાગાળામાં સિદ્ધિઓના શિખરો સર કર્યા છે. આ અંગે ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ ગુજકોમાસોલની સિદ્ધિ વિશે સંસ્થાની પ્રગતિ અંગે વિગતો આપી હતી. જેમાં દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, ગુજકોમાસોલે ચાલુ વર્ષ (૨૦૨૩-૨૪) માં રૂા. ૪૩૫૭ કરોડનું ટર્નઓવર કરેલ છે. અને ગત સાલ જે રૂા. ૬૯.૩૪ કરોડોનો નફો હતો તેની સામે ચાલુ સાલે રૂા.૭૭.૬૦ કરોડનો એટલે કે ગત સાલ કરતા રૂા. ૮.૨૬ કરોડનો વધુ ગ્રોસ નફો કરેલ છે. તેમજ તમામ જોગવાઈઓ અને ખર્ચા બાદ કરી રૂા. ૨૦.૪૨ કરોડનો નેટ નફો કરેલ છે. અગાઉના વર્ષોની જેમ જ ચાલુ સાલે પણ ગુજકોમાસોલના બોર્ડ દ્વારા ૨૦ ટકા ડિવિડન્ડની ભલામણ કરવામાં આવી છે. વર્ષ દરમિયાન ગુજકોમાસોલનાં ફંડમાં રૂા. ૧૩.૪૭ કરોડનો વધારો થતા રીઝર્વ તથા અન્ય ફંડો વધીને રૂા. ૧૩૫.૦૪ કરોડ થયા છે. તથા કાયમી મિલકતોમાં રૂા.૧૨.૧૪ કરોડ જેટલો વધારો થવા પામેલ છે. જયારે વર્ષનાં અંતે કુલ ઈન્વેસ્ટમેન્ટ રૂા.૨૯.૫૨ કરોડ હતુ તે વધીને રૂા.૩૦.૭૨ કરોડ થયુ છે.ગજુકોમાસોલ દ્વારા ગત સાલ ૧૮૩૫ કરોડ રૂપિયાના ૧૬.૧૪ લાખ મે.ટન ખાતરની સામે ચાલુ સાલે ૨૦૦૫ કરોડ રૂપિયાના ૧૬.૯૧ લાખ મે.ટન ખાતરનું વેચાણ થયુ છે. જેમા ઈફકો દ્વારા ૬.૩૪ લાખ મે.ટન જયારે કૃભકો દ્વારા ૪.૫૭ લાખ મે.ટન




ખાતરો પૂરા પાડવામાં આવેલ છે. બિયારણ વિભાગનું ટર્નઓવર પણ સતત વધતુ રહ્યુ છે. ૧૫-૨૦ કરોડથી લઈને ચાલુ સાલે રૂા. ૧૦૪ કરોડ સુધી પહોંચ્યુ છે. અને રાજયના ૯૪૦૭ ખેડૂતોને બીજ વિતરણની સહાયનો લાભ પણ મળ્યો છે. ટેકાના ભાવની ખરીદીઓ અંતર્ગત ગુજકોમાસોલે ચાલુ સાલે ચણા, મગફળી, તુવર તથા રાયડાની કુલ ૩,૫૩,૮૬૦ મે.ટનની કુલ રૂા.૧૯૬૯ કરોડની ખરીદી સરકાર દ્વારા નિયત જુદા-જુદા ખરીદ કેન્દ્રો ખાતેથી પૂરી પારદર્શકતા સાથે પૂરી કરેલ છે. સંસ્થાની જરૂરિયાત અને અન્ય પ્રાથમિકતાઓને ધ્યાને લઈ સંસ્થાને જુદા-જુદા એસ્ટેટોને માતબર રકમનો ખર્ચ કરીને રિનોવેટ કરવામાં આવ્યા છે. જેમાં કાયમી આવકના સ્ત્રોત પણ ઉભા થયા છે. ખાતર, દવા, બિયારણની કામગીરીને વધુને વધુ મજબૂત કરવાની સાથે સાથે વૈવિધ્યકરણ અને મૂલ્યવર્ધનનો દિશામાં સારી કામગીરી થઈ શકે અને 'સહકારથી સમૃધ્ધિ' નું સુત્ર સાચા અર્થમાં ચરિતાર્થ થઈ શકે તે માટે ડાયવર્ઝીફીકેશન અને વેલ્યુએડીશન નામનો નવો વિભાગ છેલ્લા ચાર વર્ષમાં સારી કામગીરી બજાવી રહ્યો છે. પ્રથમ વર્ષે થયેલ રૂા. ૨.૧૯ કરોડના ટર્નઓવરની લઈને ચાલુ સાલે રૂા.૨૦.૯૫ કરોડનું ટર્નઓવર તે વિભાગમાં થયેલ છે. જેમાં મુખ્યત્વે ઓર્ગેનિક ચીજવસ્તુઓની સાથે-સાથે સરકારની કેટલીક યોજનાઓમાં કામગીરીઓ કરવામાં આવેલ છે. નવી સરકાર નીતિ અનુસાર સંસ્થાઓને કોમ્પ્યુટરાઈઝ કરવાનુ આહવાન થયુ છે, ત્યારે ગુજકોમાસોલના તમામ યુનિટો અને તમામ ડેપોને કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવ્યા છે. રાજયમાં જુદી-જુદી જગ્યાએ ગુજકોમાસોલના કુલ ૧૫૭ ગોડાઉનો આવેલ છે, જેની સ્ટોરેજ ક્ષમતા ૨.૧૦ લાખ મે.ટન થવા જાય છે. તમામ ગોડાઉનોનો ફેડરેશન દ્વારા મહત્તમ વપરાશ કરવામાં આવે છે અને જરૂરિયાત ન હોય તેવા ગોડાઉનો ભાડે ભાડાની આવક પણ ઉભી કરવામાં આવે છે. માર્કેટની પરિસ્થિતિઓને આધિન તેમાં વધારો-ઘટાડો થતો હોય છે. ચાલુ સાલે રૂા.૩.૬૩ કરોડ જેટલી ગોડાઉન ભાડાની આવક ફેડરેશનને મળેલ છે તેમ અંતમાં જણાવ્યું હતુ.

# નવરાત્રીના આયોજનને લઈ જિલ્લા સમસ્ત પાટીદાર સમાજની બેઠક

અમરેલી,તા.૨૩

નવરાત્રીના આયોજનને લઈને કડવા પટેલ સમાજ વાડી ખાતે અમરેલી જિલ્લા સમસ્ત પાટીદાર સમાજની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા સમસ્ત પાટીદાર સમાજના મુખ્ય સંયોજક પી.પી. સોજીત્રા,



વજુભાઈ ગોલ અને ડી.કે. રૈયાણીના નવરાત્રી મહોત્સવની ઉજવણીના આહવાનને સૌએ બિરદાવ્યું હતું.

ઈફ્કો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાંસદ ભરતભાઈ સુતરીયા, ઠાકરશીભાઈ મેતલિયા, દિનેશભાઈ ભુવા,એ.બી.કોઠીયા,શરદ ધાનાણીએ શાબ્દિક સંબોધન કર્યુ હતું.

# સાવરકુંડલામાં શ્રી ગુર્જર ક્ષત્રિય યુવક મંડળ દ્વારા ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલામાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજના યુવક મંડળ દ્વારા ૩૬મો ઈનામ વિતરણ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા કન્યા ઉત્કર્ષ પુરસ્કાર કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં બાલમંદિરથી કોલેજ સુધીના



જ્ઞાતિના તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દી માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સમાજના બાળકોમાં રહેલી સાંસ્કૃતિક કળા-ક્ષમતા જેવી કે ગરબા, ડાન્સ, નાટક તથા વકૃત્વ શકિતને ખીલવવા માટે ભવિષ્યમાં આગળ વધે તે માટે પ્રેરણા પણ આપવામાં આવી હતી.

# અમરેલી શહેરમાં પરિણીતાને પતિ, સસરાએ ઢીકાપાટુ માર્યા

**મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૨૩

અમરેલી શહેરમાં રહેતી એક પરિણીતાને સાસરિયાએ ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. ઉપરાંત નાની વાતમાં સતત મેણા ટોણા મારીને માનસિક ત્રાસ ગુજારતા હતા. સાસરિયાના સિતમથી ત્રાહિમામ પોકારીને માનસીબેન દિનેશભાઈ માંડવીયાએ પતિ હિમાંશુભાઈ નિતેષભાઈ પરમાર, સસરા નિતેષભાઈ નાથાભાઈ પરમાર, હર્ષિતાબેન નિતેષભાઈ પરમાર તથા રાધિકાબેન દર્શિતભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીઓએ ૦૪/૦૨/૨૪ થી તા.૧૮/૦૮/૨૪ લગ્ન સમય દરમિયાન નાની-નાની બાબતોમાં અવાર-નવાર મેણા-ટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી પતિએ તેમને ગાળો આપી હતી.

અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સુમૈયાબેન એ બેલીમ વધુ તપાસ કરી રહ્યા છે. ધારીના હરીપરા હીમખીમડીપરામાં રહેતી રેશ્માબેન અકરમ શાહમદારએ વાંકાનેરમાં રહેતા પતિ અકરમ કરીમશા શાહમદાર સામે શારીરિક અને માનસિક ત્રાસ આપી, ઢીકાપાટુનો માર મારી, જેમ ફાવે તેમ ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી.

# અમરેલીમાંથી એલસીબી ટીમે ૯ શકુનીને રંગે હાથ ઝડપ્યા

**બે સ્થળેથી ૯ જુગારી સહિત ૨૧,૬૬૦ની મત્તા જપ્ત**

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી ૯ જુગારી સહિત ૨૧,૪૬૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી એલસીબી ટીમે કુંકાવાવ રોડ ઉપર વડી-ઠેબી નદીના વચ્ચેના વિસ્તારમાં ઈંટોના ભઠ્ઠા પાસેથી સંજયભાઈ વનમાળીભાઈ બારેજા, વિનોદભાઈ સુરેશભાઈ બારેજા, પ્રફુલભાઈ પોપટભાઈ બારેજા, દિપકભાઈ સુરેશભાઈ બારેજા, અરવિંદભાઈ ભુપતભાઈ ઘોઘારી તથા દિનેશભાઈ પોપટભાઈ માલવી જાહેરેમાં પૈસા-પાના વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૧,૨૦૦ સાથે ઝડપાયા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન બી ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે. શેલણા ગામેથી જીવણભાઈ નનુભાઈ ઝાલાવાડીયા, મગનભાઈ ભગવાનભાઈ મેર તથા રઘુભાઈ કરશનભાઈ ડાંભલીયા હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૧૦,૪૬૦ સાથે પકડાયા હતા. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સી. એમ ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાના સનાળી ગામની સીમમાં વાડીએ જતાં ખેડૂતને બોલેરો ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો

**ખેડૂતને ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજા થઈ**

વડીયા, તા.૨૩

વડીયાના સનાળી ગામની સીમમાં વાડીએ જતા ખેડૂતને એક મોટર સાયકલ ચાલક ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. ખેડૂતને ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ અંગે બેચરભાઈ દેવજીભાઈ સોલંકી (ઉ.વ.૮૦)એ બોલેરો ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ મોટર સાયકલ લઈને વાડીએથી તેમના ગામ સનાળી તરફ જતા હતા તે વખતે સામેથી એક અજાણ્યો બોલેરો વાહન ચાલક પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવીને આવ્યો હતો અને ટક્કર મારી હતી. જેમાં તેમણે ફ્રેક્ચર તથા ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જી બોલેરો ચાલક ફરાર થઈ ગયો હતો. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી પી ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ સાતમ
તા. ૨૪-૦૯-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૬:૧૦,
સૂર્યાસ્ત-૦૬:૧૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ મૃગશીર્ષા

## દૈનિક રાશિફળ

તા.૨૪-૦૯-૨૦૨૪ મંગળવાર

મેષઃ આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે.

વૃષભઃ આજનો દિવસ દોડધામમાં પસાર થશે. આજનો દિવસ સંતાન સાથે સંકળાયેલી સમસ્યાઓના નિરાકરણમાં પસાર થશે.

મિથુનઃ આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો.

કર્કઃ આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો. આગળ જતા સફળતા મળશે.

સિંહઃ આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. નવા સંબંધો બનવાથી તમારૂ નસીબ ચમકી શકે છે અને સમાજમાં સન્માન મળશે.

કન્યાઃ આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે. પરિવારમાં કોઈ માંગલિક કાર્યોથી ખુશીઓ આવશે.

તુલાઃ આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછીપાની નહી કરે. વાહન, જમીન ખરીદી, સ્થળ પરિવર્તનનો સુખદ સંયોગ બની શકે છે.

વૃશ્ચિકઃ આજે કાર્યક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે.

ધનઃ આજનો દિવસ કોઈપણ પ્રકારની અશાંતિમાં પસાર થશે. આજે કોઈ પણ પ્રકારના નિરાશાજનક વિચારોથી બચીને રહેજો.

મકરઃ આજનો દિવસ તમારા માટે ખાસ છે. પરિવારના લોકો તમારો સાથ આપશે અને નસીબના કારણે આજે તમને કરિયરમાં પણ શુભ તક મળી શકે છે.

કુંભઃ આજે તમારો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે. આજે ઓફિસમાં તમારા પદ અને અધિકારોમાં વધારો થઈ શકે છે.

મીનઃ આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે. જેનાથી તમારો ધર્મ અને આધ્યાત્મિકતામાં વિશ્વાસ વધશે.

# સાવરકુંડલામાં શ્રી બ્રાન્ચ શાળા નંબર ૨ માં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા




સાવરકુંડલા તા. ૨૩

શ્રી બ્રાંચ શાળા નંબર બે કન્યા શાળા, મણીભાઈ ચોક સાવરકુંડલામાં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં પીએમ મોદીના જન્મદિવસે ૧૭ સપ્ટેમ્બરે એક વૃક્ષ મા કે નામ કાર્યક્રમ યોજાયો હતો. રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર. ટી. લાધવા, આચાર્યા ભારતીબેન રાઠોડ,સાવરકુંડલા ફોરેસ્ટર એમ. એ. મકવાણા વંડા રાઉન્ડ ફોરેસ્ટર નાઝિરભાઈ કાયમી શ્રમયોગી કેશુભાઈ રોજમદાર તથા શાળા પરિવારે વૃક્ષારોપણ કાર્ય કર્યુ હતું. શ્રી ગણેશ દુંદાળા દેવની સ્થાપના અને સાત દિવસે દેવનું વિસર્જન શાળામાં જ કરવામાં આવ્યુ હતું. ધોરણ ૧ થી ૪ ના બાળકોને જુની રમતો રમીને બાળકોને ખુશ કર્યા હતા.

# અમરેલીમાં પ્રેમલગ્નની અદાવતમાં સસરા-જમાઈએ સામસામી ફરિયાદ નોંધાવી

**ત્રણ મહિના પહેલા જ પ્રેમલગ્ન કર્યા હતા**

અમરેલી, તા.૨૩

અમરેલીની ફતેપુરમાં રહેતા એક યુવકે પ્રેમલગ્ન કર્યા હતા. જેને લઈ બે કુટુંબો વચ્ચે તકરાર ચાલતી હતી. જેને લઈ યુવકને ઠોકર મારી, ગાળો આપી ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા. બનાવ અંગે ફતેપુરમાં રહેતા અને વીડિયોગ્રાફી કરતાં રસિકભાઈ છગનભાઈ રાઠોડ (ઉ.વ.૪૪)એ અમરેલીની વેલનાથ સોસાયટીમાં રહેતા કેતનભાઈ બાવચંદભાઈ ડુબાણીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની પુત્રીએ સામાવાળા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારથી બંને પરિવાર સાથે તકરાર ચાલતી હતી. જેની અદાવત રાખી તેમને મોટર સાયકલની ઠોકર મારી, ગાળો આપી, ઢીકાપાટુ વડે છાતી, મોઢા તથા પગના ભાગે મુંઢ ઈજા પહોંચાડી હતી. જે બાદ કેતનભાઈ બાવચંદભાઈ ડુબાણીયા (ઉ.વ.૨૪) ફતેપુરમાં રહેતા રસિકભાઈ છગનભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે સામાવાળાની દિકરી સાથે ત્રણેક મહિના પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારથી બંને પરિવાર વચ્ચે બોલાચાલી થતી હતી. તેની અદાવત રાખી ગાળો આપી મુંઢ માર માર્યો હતો.

# ખાંભાના ઈંગોરાળા ગામનો યુવક વિદેશી દારૂની ૧૮ બોટલ સાથે ઝડપાયો

**૯ શરાબી કેફી પીણું પીને જાહેરમાં ફરતા મળી આવ્યા**

ખાંભા, તા.૨૩

ખાંભાના ઈંગોરાળા ગામે રહેતો ઘનશ્યામભાઈ ઉર્ફે લાલભાઈ રણછોડભાઈ માંગરોળીયા (ઉ.વ.૩૪) ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮ બોટલ સાથે ઝડપાયો હતો. તેની પાસેથી ૮૨૮૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે. જિલ્લામાં ૫ સ્થળેથી ૧૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો અને ૯ શરાબી કેફી પીણું પીને જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. સાવરકુંડલા, ખડાધાર, લીલીયા અને બગસરામાંથી એક-એક ઈસમ કેફી પીણું પીનું વાહન ચલાવતા મળી આવ્યા હતા.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.

જન્મ /મરણ અરજી નંબર / ૨૮૨ /૨૦૨૪

**અરજદાર** :- શ્રી લાલજીભાઈ ભગવાનભાઈ વાગડીયા,
**સરનામુંઃ**- રહે.રાજુલા, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા** :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી લાલજીભાઈ ભગવાનભાઈ વાગડીયાએ તેમના પિતા સ્વ.શ્રી ભગવાનભાઈ અરજણભાઈ વાગડીયાનું મરણ તા.૦૧/૧૦/૨૦૧૭ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કિર્તીભાઈ બી. પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે. સપ્ટેમ્બર, સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૧૧/૦૯/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.

જન્મ /મરણ અરજી નંબર / ૩૪૫ /૨૦૨૪

**અરજદાર** :- શ્રી કવાડ અમૃતબેન મેધાભાઈ,
**સરનામુંઃ**- રહે.રાજુલા, તા.રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા** :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી કવાડ અમૃતબેન મેધાભાઈએ તેમના પુત્રી સ્વ.શ્રી દયાબેન મેધાભાઈ કવાડનું અવસાન તા.૨૧/૦૭/૨૦૦૭ ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કિર્તીભાઈ બી. પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે.સપ્ટેમ્બર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૧૧/૦૯/૨૦૨૪**
**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## રાજુલાનાં મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા

જન્મ /મરણ અરજી નંબર / ૩૮૨ /૨૦૨૪

**અરજદાર** :- રાણીબેન રત્નાભાઈ રાઠોડ,
ઉ.વ.૬૨, ધર્મે : હિન્દુ, ધંધો :ઘરકામ
રહેઃ ઠે. ગોંદરા ચોક, કુમાર શાળા નં.૩ પાસે,
મુ. તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા** :-જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી, રાજુલા નગરપાલિકા, જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા શહેરના રહીશ શ્રી રાણીબેન રત્નાભાઈ રાઠોડ એ તેમની પુત્ર ગુણાભાઈ નો જન્મ તા.૦૫/૦૨/૧૯૮૦ ના રોજ રાજુલા મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી વકીલ શ્રી એ.બી. શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી ની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા.૧૧, માહે.૦૯, સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કા કરીને આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૧૧/૦૯/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી.**
**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**તંત્રી લેખ**

# ચીનની માયાજાળ-ડેટ ટ્રેપ

વિકાસ કુદરતનો નિયમ છે તો તે કુદરતી રીતે પણ થવો જોઈએ. વિકાસ એટલે માત્ર ટેકનોલોજીની પ્રગતિ છે, ઉદ્યોગોની પ્રગતિ છે તેવું માનવું યોગ્ય નથી. વિકાસ સર્વતોમુખી અને કુદરતને અનુરૂપ હોવો જોઈએ. વિકાસની સાથે જનસુખાકારી પણ વધવી જોઈએ તેમ એક સમયના અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકને જાહેરમાં કહ્યું હતું. પરંતુ અમેરિકા જેવો દેશ ભૌતિક વિકાસમાં નંબર વન બની ગયો પરંતુ સમૃદ્ધિ હોવા છતાં ત્યાં પ્રજા સુખી નથી. મનોદૈહિક રોગોથી લોકો પીડાઈ રહ્યા છે. ભારતમાં પણ વિકાસ થાય છે પણ જનસુખાકારીમાં આપણે પાછળ રહ્યા છીએ તેનો ઈનકાર થઈ શકે તેમ નથી. સરકાર અને પ્રચાર માધ્યમો/કટાર લેખકો દેશની જી.ડી.પી. (ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્શન)ને ખૂબ મહત્વ આપે છે, જ્યારે જનસુખાકારીની ઉપેક્ષા કરે છે. ઉદ્યોગીકરણ અને શહેરીકરણ માટે મબલખ નાણાં ફાળવાય છે, જ્યારે શિક્ષણ અને આરોગ્ય સેવાઓ માટે મામૂલી નાણાં ફાળવાય છે. પરિણામે શેરબજારી સેન્સેક્સ ઉંચોને ઉંચો જતો રહે છે, જ્યારે રોજગાર ઘટે છે. તેમજ છેલ્લા પાંચ વર્ષથી જી.ડી.પી.નો વૃદ્ધિદર નીચો જતો રહ્યો છે. કોરોના સર્જીત લોકડાઉનના સંકટકાળમાં જનતાની આવક અને આમદાની ઘટ્યા છે, જ્યારે ઓક્સસેમના અહેવાલ અનુસાર દેશના ૧૦૦ નાણાધીશોની સંપત્તિમાં ૩૫ ટકા અર્થાત ૧૨.૯૭ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. છેલ્લા ૩૦ વર્ષમાં જી.ડી.પી.માં ભારત વિશ્વમાં પચીસમા ક્રમેથી પાંચમા ક્રમે પહોંચ્યું છે, પરંતુ માનવ વિકાસ સૂચકાંકમાં વિશ્વમાં ૧૮૦ દેશોમાં ૧૩૦ મા ક્રમે રહ્યું છે. આમ સેન્સકસ અને સરકાર જી.ડી.પી. વધારવા માટે મથે છે, જ્યારે જનસુખાકારી વધારવા નથી મથતા. ચીન અને કેટલાક દેશો જી.ડી.પી.ના ૩ થી ૫ ટકા રકમ આરોગ્ય માટે ફાળવે છે, જ્યારે ભારત સરકાર એકાદ ટકા આસપાસની રકમ ફાળવીને સંતોષ માને છે. આ છે મૂડીવાદી વિકાસની માયાજાળ. આ છે અસમાનતાવર્ધક શોષણખોરી. જે સામાન્ય માણસને સમજાતી નથી. કુદરતની શ્રેષ્ઠ પેદાશ ગણાતો માનવ પ્રકૃતિદત્ત માનવત્વ ગુમાવી રહ્યો છે. પશુત્વમાંથી માનવત્વ તરફની લાંબી યાત્રાએ સર્જેલ વિકાસ ઉપયોગી હોવાં છતાં ઉપદ્રવી બની રહ્યો છે ! માનવ અંતર્મુખી મટીને બહિર્મુખી બનતો જાય છે. બાહ્ય પરિબળો-પ્રવાહો-ઘટનાઓથી માનવ પ્રભાવિત થાય તે સહજ છે. પરંતુ પ્રકૃતિદત્ત સ્વત્ત્વ અને સ્વયંભૂત્વ ઓગળી કે ઓસરી જાય એટલો બધો બહિર્મુખ બને તો પશુ-પંખી કરતાં માનવ ચઢિયાતો કેવી રીતે ગણાય ? બ્રહ્માંડીય ચેતનાનો મહત્તમ હિસ્સો ધરાવતું/વાપરતું આંતરમન સ્પંદન, સ્ફૂરણા, સંવેદના અને ભાવ સ્વરૂપ સંકેતો સતત સર્જે છે. આંતરમનના આ સંકેતો ઝીલવા અને સમજવા જેટલાં અંતર્મુખી ન હોય તો પણ તેના ધ્વનિતરંગો જરૂર અનુભવાય છે. એ ધ્વનિતરંગો પ્રત્યે દુર્લક્ષ સેવાય અગર ઉવેખાય તેને લીધે સર્જાતાં અવનવા મનોતરંગો આનંદમય કોષની પ્રસન્નતા ક્ષીણાવે છે. મોટા ભાગની તકલીફો કે સમસ્યાઓની આ છે ગંગોત્રી.... આ છે સ્રોત.. આમ બહિર્મુખી માનવ ક્રમશઃ અંદરથી ખોખલો અને સંવેદનહિન બનતો જાય છે. જેથી માનવીય મૂલ્યોનો, ભાવોનો પ્રભાવ ઘટતો જવાથી અવનવા ભંગ વધતાં જાય છે. આવા ભંગના સાતત્યને લીધે માનવની વિવેકબુદ્ધિનો ધ્વંશ થઈને લુપ્ત થાય છે. જેથી અપેક્ષાઓ, ગમા-અણગમાઓ, પૂર્વગ્રહો.... બળવત્તર બનતા રહે છે. જે ન સંતોષાય ત્યારે અજંપો, ઉદ્વેગ સર્જાય છે.

# તિરુમાલા તિરુપતિ મંદિરના લાડુ પ્રસાદનો વિવાદ વકરતો જાય છે





**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હિન્દુ ધર્મના દેવસ્થાનો અતિ પવિત્ર છે. ભારતના સૌથી સમૃદ્ધ ગણાતા તિરુપતિ મંદિરમાં ઓછા ભાવનું ટેન્ડર સ્વીકારીને સમસ્યાનું સર્જન કરવામાં આવ્યું છે. આ માટે કોણ દોષિત છે તે હવે પછી તપાસને અંતે જાહેર થશે પરંતુ આ મંદિર એટલું સમૃદ્ધ છે કે લાખો માણસને માત્ર એક લાડવો જો ફ્રી ઓફ ચાર્જ આપવામાં આવે તો મંદિરને કશો જ ફેર પડે તેમ નથી. પરંતુ કરોડો રૂપિયા ભેગા કરવાની લાલસાએ આપણા દેવસ્થાનોમાં પ્રસાદને પણ ઊંચી કિંમતે વેચવામાં આવે છે. મોટા અંબાજીમાં પણ પ્રસાદનો વિવાદ થયો. વધુ સંપત્તિ એકઠી કરવાના મોહમાં ટ્રસ્ટીઓએ મોહનથાળને બદલે ચીકી આપવાનું શરૂ કર્યું અને વિવાદ થયો. ત્યાં ધજાનો વિવાદ પણ ચાલે છે. ધજા ચડાવવી હોય તો તેના માટે ખૂબ મોટી રકમ ભરવાનું નક્કી થયું છે. આપણા દેવસ્થાનો અતિ સમૃદ્ધ છે. તેની પાસે માની ન શકાય તેટલી સંપત્તિ છે તો ભક્તજનોને સાવ સસ્તા ભાવથી પ્રેમથી અથવા તો ફ્રી ઓફ ચાર્જ પ્રસાદ આપવામાં આવે આનાથી મંદિરની સંપત્તિમાં કોઈ જાતનો ઘટાડો થવાનો નથી. મંદિરની જે સંપત્તિ છે તેના વ્યાજમાંથી આ બધું ચાલી શકે તેમ હોવા છતાં શા માટે વધુને વધુ સંપત્તિ એકઠી કરવાનો મોહ તજવામાં નથી આવતો? આપણા કાઠીયાવાડમાં એવા પણ દેવસ્થાનો આવેલા છે જ્યાં એક નવા પૈસાનું પણ ડોનેશન લેવામાં આવતું નથી. અન્ય દેવસ્થાનોમાં પૈસા માગવામાં આવતા નથી કોઈ પ્રેમથી આપે તો તે લેવામાં આવે છે અને તે પણ શક્તિ મુજબ. ધર્મ છે ત્યાં આસ્થાનો સવાલ છે. આ બિઝનેસ નથી. જલારામ બાપાના ધામમાં તો વર્ષોથી ડોનેશન પણ સ્વીકારવામાં આવતું નથી પરંતુ દરેક ભક્તજનોને પ્રેમથી સવાર સાંજ જમાડવામાં આવે છે. વીરપુરથી માંડીને બગદાણામાં હજારો ભક્તજનોને રોજ વિનામૂલ્યે જમાડવામાં આવે છે. તેની ટોકન ફી પણ લેવામાં આવતી નથી. જ્યારે ગુજરાત બહારના મંદિરોમાં ટોકન ફી રૂપે મામૂલી રકમ લેવામાં આવે છે. દાખલા તરીકે અમુક મંદિરોમાં માત્ર ૧૦ રૂપિયાના પાસમાં જમાડવામાં આવે છે આ એક વ્યવસ્થાના ભાગરૂપે જ છે. પરંતુ જેવા રૂપિયા તેવો પ્રસાદ એવી મનોવૃત્તિ અહીં નથી. જ્યારે દેશના દરેક મોટા મંદિરોમાં કે જેનું અબજો રૂપિયાનું ફંડ છે ત્યાં સસ્તા ભાવની સામગ્રી મેળવવાની ટેન્ડરની સિસ્ટમ ન હોવી જોઈએ આના કારણે જ કંપની શુદ્ધ ઘી આપી શકે નહીં. આ મિલાવટની પાછળ શો ખેલ છે એની તપાસ થશે અને યોગ્ય પગલા પણ ભરવામાં આવશે. હાલ તો તિરૂપતિ મંદિરની શુદ્ધિકરણની વિધિ શરૂ કરી દેવામાં આવી છે. હવે પછી આપણા પવિત્ર યાત્રાધામોની સુવિધા જળવાઈ રહે તે માટે ત્યાંના ટ્રસ્ટીઓ તથા સંચાલકોએ ખાસ કાળજી રાખવી પડશે કારણ કે સનાતન હિંદુ ધર્મની આસ્થાનો સવાલ છે અને તેની સાથે ખીલવાડ થઈ શકે નહીં. અહીં સસ્તા ટેન્ડરની સિસ્ટમ જ ન હોવી જોઈએ. જો ઊંચા ભાવનું શુદ્ધ ઘી લેવામાં આવ્યું હોત તો આ સમસ્યા થાત નહીં આની પાછળ કોઈ રાજકીય પરિબળ પણ હોઈ શકે તે તપાસ પછી જ ખબર પડે. ટીડીપીએ ધડાકો કર્યો છે કે, તિરૂપતિ મંદિરમાં લાડુ બનાવવા માટે ચરબીયુક્ત ઘી ઉપરાંત ગૌમાંસ, સૂવરની ચરબી અને માછલીનું તેલ વપરાય છે. રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા પ્રમાણે, ચંદ્રાબાબુ પોતાની કંપની હેરિટેજ ફૂડ્સનો માલ ખપાવવા માટે આ ખેલ કરી રહ્યા છે. તિરુપતિ મંદિરમાં દરરોજ ૩.૫૦ લાખ લાડુ બને છે. મંદિરમાં દર વરસે ૩૦૦ કરોડ રૂપિયાના લગભગ ૩૦૦૦ ટન ઘીનો ઉપયોગ થાય છે. ચંદ્રાબાબુએ જૂની કંપનીઓને તગેડીને પોતાની કંપનીને ઘી સપ્લાયનો કોન્ટ્રાક્ટ મળે એ માટે લાડુના પ્રસાદમાં ગૌમાંસ, સૂવરની ચરબી, માછલીનું તેલ વગેરે વપરાય છે એવું તૂત ઉભું કર્યું છે. તિરુપતિ મંદિરનો વહીવટ તિરૂપતિ તિરુમાલા દેવસ્થાનમ દ્વારા થાય છે. ટીટીડી સ્વાયત ટ્રસ્ટ છે પણ તેનું નિયંત્રણ આંધ્રપ્રદેશ સરકારના હાથમાં છે. આના કારણે આડકતરી રીતે આ ટ્રસ્ટ પર આંધ્ર સરકારનો અંકુશ છે તેમ કહી શકાય. ટીટીડીના નિયંત્રણ હેઠળ ઘણા મંદિરો જ છે ને તેમાંથી એક મંદિર તિરુમાલા વેંકટેશ્વર મંદિર છે. જેમાં ૧૬૦૦૦ કર્મચારી કામ કરે છે. ટીટીડી દ્વારા ૨૦૧૯ માં શ્રીવાણી ટ્રસ્ટ બનાવાયું જેનો ઉદ્દેશ દલિત આદિવાસી અને પછાત વિસ્તારોમાં મંદિરો બનાવીને સનાતન ધર્મનો પ્રચાર કરવાનો હેતુ હતો. આ ઉપરાંત પૌરાણિક મંદિરોના જીર્ણોદ્ધાર તથા આર્થિક તંગીનો સામનો કરી રહેલા મંદિરોને આર્થિક સહાય પણ આપવામાં આવે તેવી જોગવાઈ પણ છે. ટીટીડી આંધ્ર પ્રદેશ તેલંગાણા, કર્ણાટક અને પોંડીચેરીમાં ૨૬૮ મંદિરોના નિર્માણનું કામ હાથ પર લીધું છે. આ મંદિરોના નિર્માણથી સનાતન ધર્મનો પ્રચાર વધશે. લોકોની ધર્મ પ્રત્યેની આસ્થામાં વધારો થશે તેવા સારા હેતુથી આ મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું છે કારણ કે આદિવાસી વિસ્તારમાં ધર્માંતરણની પ્રવૃત્તિ માની ન શકાય તેટલી હદે સાઉથ ભારતમાં વધતી જાય છે તેને કંટ્રોલ કરવા માટે આ એક સારામાં સારું પગલું છે. આ માટે જે નાણાકીય જરૂરિયાત ઊભી થાય તે માટે તિરૂપતિ મંદિર ટ્રસ્ટ પૂરેપૂરો સક્ષમ છે. આપણા મંદિરોમાં જે અબજો રૂપિયાનો ખજાનો પડ્યો છે તેનો સદુપયોગ શા માટે નથી કરવામાં આવતો? આ ખજાનામાં દિવસે દિવસે વધારો થાય છે પરંતુ તેનો સદુપયોગ લાભાર્થીઓને ભક્તજનોને મળવો જોઈએ. સાથોસાથ મંદિરો દ્વારા સમાજ ઉત્થાનના કામો પણ હાથ ધરવામાં આવે તો મંદિર છે એ માત્ર ધાર્મિક નહીં પરંતુ સાંસ્કૃતિક અને સામાજિક ઉત્થાનના કેન્દ્રો પણ ચોક્કસ બની શકે આ વસ્તુ આજની તારીખે અત્યંત જરૂરી છે. તિરૂપતિ મંદિરમાં દર્શન માટે શ્રીવાણી દર્શન ટિકિટ બહાર પાડવામાં આવી છે તેમાંથી જ રોજનો એક કરોડ રૂપિયાનો નફો થાય છે તો આ નફામાંથી ભક્તોને શુદ્ધ ઘીનો સારામાં સારો પ્રસાદ વિનામૂલ્યે પણ આપી શકાય તેવી આર્થિક ક્ષમતા મંદિરો ધરાવે છે તો શા માટે તેના અમલ કરવામાં નથી આવતો? ભારતના સૌથી સમૃદ્ધ મંદિરોમાં તિરૂપતિ બાલાજી મંદિરનો સમાવેશ થાય છે. તો આપણા જલારામ બાપાના ધામની જેમ મફત પ્રસાદની વ્યવસ્થા શા માટે ન થઈ શકે? અત્યારે તો પ્રસાદનો વિવાદ વકરતો જાય છે.

કેન્દ્ર સરકારે આંધ્રપ્રદેશ સરકારને આ બાબતનો રિપોર્ટ મોકલવા માટેની નોટિસ પણ આપી દીધી છે. મંદિરોના પ્રસાદમાં લાખો ભક્તોની શ્રદ્ધા સમાયેલી છે દરેક ભક્ત ભગવાનના પ્રસાદને અતિ પવિત્ર માનીને માથે ચડાવે છે પોતે પણ તેનો ઉપયોગ કરે છે અને વધે તે બીજાને પણ આપે છે. એમ કહેવાય છે કે ભગવાનના પ્રસાદનું વધારેમાં વધારે વિતરણ થવું અત્યંત જરૂરી છે. આથી ભગવાનનો પવિત્ર પ્રસાદ દરેક વ્યક્તિ સુધી પહોંચે તેવી ભક્તજનો અપેક્ષા રાખે છે. પરંતુ ટ્રસ્ટીઓનો હેતુ વધુને વધુ રૂપિયા ભેગા કરવાનો હોય છે.

ધાર્મિક ટ્રસ્ટમાં જ્યારે આમાં રાજકીય હસ્તક્ષેપ શરૂ થાય છે ત્યારે નેતાઓ પોતાની સ્વાર્થી નીતિને અનુસરીને એમાંથી પણ કમિશન ખાવાના ષડયંત્રો કરે છે અને તેને કારણે લાખો લોકોની આસ્થા પર કુઠરાઘાત થાય છે. આમાં કોઈ દોષિત હોય તો તેને કડક સજા થવી અત્યંત જરૂરી છે કારણ કે ધર્મની બાબતમાં આસ્થાની બાબતમાં સજાગ રહેવું જરૂરી છે. વિશ્વ પ્રસિદ્ધ તિરુપતિ 'લાડુ પ્રસાદમ'માં વપરાતા ઘીની ગુણવત્તા અંગે ભક્તોની વધતી જતી ચિંતાઓ વચ્ચે, તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) એ ખાતરી આપી છે કે પવિત્ર પ્રસાદની પવિત્રતા પુનઃસ્થાપિત કરવામાં આવી છે.

**ભારતના સૌથી સમૃદ્ધ ગણાતા તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ ભારતનું સૌથી સમૃદ્ધ મંદિર હોવા છતાં લાડુ પ્રસાદમનો વિવાદ વકરતો જાય છે. દેવસ્થાન અતિ સમૃદ્ધ હોવા છતાં સાવ સસ્તા ઘીનો આગ્રહ શા માટે રાખ્યો? ટેન્ડર પદ્ધતિએ જ સમસ્યા સર્જી છે.!!**

# માર્કેટયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૦૦ | ૧૬૬૮ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૨૫ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૮૫૧ |
| જુવાર પીળી | ૪૦૫ | ૪૫૭ |
| બાજરી | ૩૯૦ | ૪૬૦ |
| તુવેર | ૧૬૦૫ | ૨૧૪૫ |
| ચણા પીળા | ૧૧૪૧ | ૧૨૯૫ |
| ચણા સફેદ | ૧૩૨૫ | ૧૪૮૦ |
| અડદ | ૧૫૧૫ | ૧૮૨૬ |
| મગ | ૧૩૨૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૧૫૦૦ | ૨૨૩૨ |
| વટાણા | ૧૦૫૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૪૦ |
| મગફળી જાડી | ૯૨૫ | ૧૧૨૬ |
| મગફળી જીણી | ૧૧૧૦ | ૧૪૦૫ |
| તલી | ૨૦૫૦ | ૨૬૨૨ |
| એરંડા | ૧૦૯૨ | ૧૨૨૫ |
| અજમો | ૧૬૦૦ | ૨૬૫૦ |
| સુવા | ૧૨૪૦ | ૧૭૪૪ |
| સોયાબીન | ૮૮૦ | ૯૦૬ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૨૪૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૩૮૨૭ |
| લસણ | ૩૩૦૦ | ૫૦૭૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ધાણી | ૧૧૫૦ | ૧૬૦૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૨૦ |
| જીરૂ | ૪૩૭૫ | ૪૮૫૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૩૪ |
| મેથી | ૧૦૨૦ | ૧૩૬૪ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૮૧૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૭૬ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૫૫૦૦ |
| ગુવારનું બી | ૧૦૧૦ | ૧૦૫૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૨૧ |
| ડુંગળી સુકી | ૩૫૦ | ૯૮૦ |
| ટમેટા | ૬૦૦ | ૯૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૮૦૦ | ૨૫૦૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૫૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૩૦ | ૪૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૯૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૯૫૦ |
| દુધી | ૧૦૦ | ૨૩૦ |
| કારેલા | ૨૦૦ | ૪૦૦ |
| સરગવો | ૭૫૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૩૩૦ | ૫૫૦ |
| પરવળ | ૧૫૦૦ | ૧૭૫૦ |
| કાકડી | ૩૩૦ | ૫૧૦ |
| ગાજર | ૩૫૦ | ૫૫૦ |
| કંટોળા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૫૦ |
| બીટ | ૩૩૦ | ૫૫૦ |
| મેથી | ૧૫૦૦ | ૨૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૫૫૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૯૫૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૫૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૪૦ | ૧૦૮૦ |
| શિંગ મોટી | ૭૨૧ | ૧૧૨૨ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૧૭૮૦ | ૨૮૨૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૭૪૦ |
| બાજરો | ૩૮૧ | ૪૭૪ |
| જુવાર | ૨૭૦ | ૭૭૪ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૮૩ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૫૮૧ |
| મગ | ૭૯૦ | ૧૭૧૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૫૦૪ |
| કપાસ | ૮૨૦ | ૧૬૪૫ |
| એરંડા | ૧૧૧૫ | ૧૧૫૦ |
| જીરું | ૨૬૮૦ | ૪૭૭૦ |
| ધાણા | ૧૦૦૫ | ૧૩૦૦ |
| સુવાદાણા | ૧૩૭૦ | ૧૪૧૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણાં | ૫૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૫૩૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૯૦૦ | ૯૫૦ |
| સુરણ | ૧૫૫૦ | ૧૬૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૦૦ | ૨૫૦ |
| કરેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાલીલાં | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૩૦ |
| ભીંડો | ૨૨૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૪૩૦ | ૫૨૦ |
| લીમડો મીઠો | ૮૦ | ૧૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૫૨૦ | ૯૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લસણ સૂકું | ૫૦૫૦ | ૬૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૭૫૦ | ૧૯૫૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૩૦૧ | ૧૬૩૬ |
| ઘઉં લોકવન | ૫૩૪ | ૫૯૮ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૩૨ |
| સિંગદાણા જાડા | ૧૦૫૧ | ૧૩૧૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૪૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૨૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૩૮૫૧ | ૫૦૫૧ |
| વરીયાળી | ૭૦૧ | ૧૧૭૬ |
| ધાણા | ૯૫૧ | ૧૪૬૧ |
| લસણ સુકું | ૧૦૩૧ | ૩૬૨૧ |
| ડુંગળી લાલ | ૩૨૧ | ૫૮૧ |
| અડદ | ૧૧૮૧ | ૧૭૫૧ |
| તુવેર | ૧૧૯૧ | ૨૧૩૧ |
| મેથી | ૬૭૪ | ૧૧૦૧ |
| મગફળી જાડી | ૮૩૧ | ૧૩૦૬ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૩૬૧ |
| મગફળી નવી | ૮૨૧ | ૧૩૫૬ |
| તલ – તલી | ૨૧૦૦ | ૨૭૦૧ |
| ધાણી | ૧૧૨૬ | ૧૭૧૧ |
| બાજરો | ૩૫૧ | ૪૮૧ |
| જુવાર | ૮૯૧ | ૮૯૧ |
| મગ | ૧૩૫૧ | ૧૮૦૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૫૧ |
| વાલ | ૪૮૧ | ૧૮૫૧ |
| ચોળા / ચોળી | ૬૦૧ | ૧૮૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૯૧ |
| ગોગળી | ૪૭૬ | ૯૪૧ |
| વટાણા | ૮૫૧ | ૧૨૦૧ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૧ | ૧૧૨૫ |
| શીંગ મોટી | ૭૦૦ | ૧૧૧૭ |
| તલ સફેદ | ૨૧૨૦ | ૨૮૬૬ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૨૦ |
| કપાસ | ૧૪૮૦ | ૧૭૧૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૮ |
| બાજરો | ૪૪૦ | ૫૦૦ |
| જુવાર | ૪૮૦ | ૮૧૩ |
| ચણા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૮૫૩ | - |
| ધાણા | ૧૧૪૧ | --- |

### ભેસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૨૨ |
| ઘઉં | ૫૦૦ | ૫૭૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૨૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૭૫ |
| શિંગદાણા | ૧૫૦૦ | ૧૯૨૫ |
| શિંગફાડા | ૮૦૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૬૨૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૫ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૨૦ | ૧૬૪૦ |
| જીરૂ | ૪૪૦૦ | ૪૮૬૫ |
| ઘઉં | ૫૧૬ | ૫૭૦ |
| તલ સફેદ | ૨૦૧૦ | ૨૫૧૫ |
| અડદ | ૧૦૨૫ | ૧૬૧૧ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૦૫ | ૧૫૦૫ |
| ઘઉં | ૫૧૫ | ૫૬૫ |
| ચણા | ૮૦૦ | ૧૪૧૦ |
| તલ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| તુવેર | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ધાણા | ૯૭૫ | ૧૨૦૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૬૧૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૩૦ |
| બાજરો | ૪૯૪ | ૫૪૫ |
| ઘઉ ટુકડા | ૪૭૦ | ૬૦૧ |
| જુવાર | ૪૪૦ | ૮૫૪ |
| તુવેર | ૧૪૫૧ | ૧૬૦૦ |
| ચણા | ૫૦૦ | ૧૪૯૧ |
| જીરૂ | ૪૪૫૨ | ૪૭૦૦ |
| શીંગદાણા | ૧૬૦૧ | ૧૮૫૧ |
| રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૪૬ | ૮૪૬ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૭૦ | ૧૫૬૨ |
| મગફળી | ૮૦૧ | ૮૦૧ |
| જુવાર સફેદ | ૬૬૦ | ૬૯૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૫૫૦ |
| તલ સફેદ | ૨૪૨૫ | ૨૪૩૦ |
| સોયાબીન | ૭૫૬ | ૮૫૬ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૯૨૫ | ૧૨૦૦ |
| શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગફળી | ૭૯૩ | ૧૦૦૨ |
| અડદ | ૧૨૯૦ | ૧૨૯૦ |
| બાજરો | ૪૦૦ | ૪૨૫ |
| ડુંગળી | ૫૧૦ | ૬૦૦ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૧૪૭૨ | ૧૫૦૬ |
| શીંગ ૩૯ | ૪૨૫ | ૧૧૭૨ |
| શીંગ જી-૨૦ | ૪૭૮ | ૧૧૨૧ |
| જુવાર | ૪૦૦ | ૬૨૫ |
| બાજરી | ૪૩૦ | ૫૦૦ |
| ઘંઉ ટુકડા | ૫૧૫ | ૬૪૦ |
| મકાઈ | ૪૬૭ | ૪૭૦ |
| મગ | ૧૦૭૦ | ૧૮૭૨ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૪૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૩૨૭૩ |
| તલ કાળા | ૩૨૧૦ | ૩૨૭૩ |
| મેથી | ૭૨૫ | ૧૧૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૯૪૫ |
| ડુંગળી સફેદ | ૨૧૫ | ૬૫૦ |
| કપાસ શંકર | ૧૦૦૭ | ૧૩૬૯ |
| નાળીયેર | ૬૨૨ | ૨૩૬૧ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૧૬૪ |
| મગફળી ૩૨ નં | ૯૫૦ | ૧૦૮૦ |
| બાજરી | ૪૪૦ | ૫૨૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૫ |
| સફેદ તલ | ૨૨૪૦ | ૨૬૭૪ |
| કાળા તલ | ૩૨૦૦ | ૩૯૩૦ |
| સોયાબીન | ૮૭૦ | ૯૦૯ |
| જુવાર | ૬૦૦ | ૭૮૦ |
| અડદ | ૧૦૪૦ | ૧૮૪૮ |
| મગ | ૯૫૦ | ૧૫૪૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૧૨ |

### જામનગર

| | | |
|---|---|---|
| કપાસ | ૭૧૦ | ૧૫૫૧ |
| જુવાર | ૫૦૦ | ૬૧૦ |
| બાજરો | ૩૯૫ | ૪૮૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૫૨ |
| મગ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| શીંગદાણા | ૯૫૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| શીંગ | ૮૫૦ | ૧૧૮૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૯૦ |
| ચણા | ૯૦૫ | ૧૪૭૧ |
| ચણા સફેદ | ૧૯૦૦ | ૨૬૮૦ |
| ડુંગળી | ૧૦૦ | ૧૦૨૫ |
| તુવેર | ૭૧૫ | ૧૭૧૦ |
| રાય | ૧૦૦૦ | ૧૨૫૦ |
| અજમો | ૧૯૧૫ | ૨૯૫૫ |
| લસણ | ૨૨૦૦ | ૪૯૫૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૮૮૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૦ |

## શબ્દ સંજોગ-૧૮૭૫



**આડી ચાવી :**
(૧) સુરતનું.... ને કાશીનું મરણ (૩)
(૩) બોલ, શબ્દ (૩)
(૬) એક રત્ન (૩)
(૭) ઓઢવાની એક પ્રકારની ગોદડી (૩)
(૮) મંદિરના હોય (આ.અ.) (૩)
(૧૦) આટલી રકમ મારા ખાતામાં...... કરશો (૨)
(૧૧) એક પ્રકારની સાડી (૪)
(૧૪) પુર, શહેર (૩)
(૧૬) મુંબઈનો એક પરા વિસ્તાર (૨)
(૧૭) યજ્ઞ કરવો તે(૩)
(૧૯) પાણી પીવાનું સાધન (૨)
(૨૦) પાઠ કે નિબંધ લેખનમાં વચ્ચે આવે જ (૩)
(૨૨) એક શિકારી પક્ષી (૨)
(૨૪) સોના કે ચાંદીનું સાવ બારીક પતરૂં (૩)
(૨૫) અર્ધાનું અર્ધુ (૧)
(૨૬) મૂળ ગામ કે દેશ (૩)
(૨૮) એક અંક (શબ્દોમાં) (૩)
(૩૦) એક પક્ષીની માદા (૨)
(૩૧) ગણપતિ (૨)
(૩૨) આ તો ધરતીનો છેડો કહેવાય (૨)

**ઉભી ચાવી :**
(૧) સ્વર્ગ (૩)
(૨) રમી રહેલું, લીન (આ-અ) (૪)
(૩) દાવો, અધિકાર (૩)
(૪) હુકમ, સનદ (૪)
(૫) બે ભાગ ઘટ્ટ જોડવા વચ્ચે મુકાતી ચકતી (૪)
(૯) ચાબુક (૩)
(૧૨) કોલસો (૩)
(૧૩) ....શણગાર (૨)
(૧૫) માથાની શોભા વધારતો ફુલોનો હોય (૩)
(૧૬) આ ખાનામાં જે લખવાનું છે એ ખાનગી છે (૩)
(૧૭) પ્યારનો વિરોધી શબ્દ (૪)
(૨૧) ગુજરાતી કક્કો (૪)
(૨૩) ધોળુ, નિર્મળ (૩)
(૨૭) પર્વત, ઝાડ (૨)
(૨૯) બારણું (અંગ્રેજી) (૨)

## શબ્દ સંજોગ-૧૮૭૪ જવાબ

**આડી ચાવી :** (૧) વૈષ્ણવ (૩) સફાચટ (૬) ધારદાર (૭) નદી (૯) કઠારો (૧૧) ગળી (૧૨) આરતી(૧૪) છરી (૧૫) પાડી (૧૬) રાજ (૧૭) પાડા (૧૮) સાસુ (૧૯) સાવ(૨૧) માર (૨૨) તડબૂચ (૨૩) રમા (૨૫) વોર (૨૬) રાધાકાંત (૨૭) સીતા
**ઉભી ચાવી :** (૧) વૈકુંઠ(૨) વધારો(૩) સદા (૪) ફારગતી (૫) ટન (૮) દીકરી(૧૦) કાકડી (૧૨) આરાસુર (૧૩) રજ (૧૪) છડા (૧૫) પાનેતર (૧૭) પાઉડર (૧૮) સામા(૧૯) સાતવો (૨૦) રચયિતા (૨૪) મારા

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભાવનગર જિલ્લા પત્રકાર એકતા પરિષદનું મહાઅધિવેશન સંપન્ન

**લાભુભાઈ કાત્રોડીયાના અધ્યક્ષ સ્થાને વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું**





ભાવનગર,તા.૨૩

ભાવનગર જિલ્લા પત્રકાર એકતા પરિષદનું ઐતિહાસિક મહાઅધિવેશન અટલબિહારી વાજપેયી હોલમાં યોજાયું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પત્રકારો, રાજકીય નેતાઓ, સમાજ શ્રેષ્ઠીઓ અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા. આ દરમિયાન ભાવનગર રાજવી પરિવારના યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કેન્દ્રીય મંત્રી નિમુબેન બાભણીયા, ધારાસભ્યો, જિલ્લા પ્રમુખો અને મેયર પણ હાજર રહ્યા હતા. આ તકે ૧૧ વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી નિમુબેન બાભણીયાએ જણાવ્યું કે, "પત્રકાર એકતા પરિષદ દરેક જિલ્લા અને તાલુકામાં વિસ્તર્યું છે, જે ગર્વની વાત છે. પત્રકારો સમાજ અને સરકાર વચ્ચેની મહત્વપૂર્ણ કડી છે." પ્રદેશ અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડીયાએ કહ્યું, "ગુજરાતમાં પત્રકારોને પૂરતી સુવિધાઓ મળતી નથી. આ અંગે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે અને ટૂંક સમયમાં નિરાકરણ આવશે." કાર્યક્રમમાં નવનિયુક્ત હોદ્દેદારોને નિમણૂક પત્રો એનાયત કરાયા અને સમાજના સેવાભાવી શ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલા ગ્રામીણ વિસ્તારમાં રોડ નેટવર્ક સુધારણા માટે ૧૬.૮૫ કરોડની ફાળવણી



સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલા અને લીલીયા મતક્ષેત્રના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૧૬.૮૫ કરોડ રૂપિયાની રકમ વિવિધ ગ્રામીણ રસ્તાઓની સુધારણા માટે મંજૂર કરવામાં આવી છે. આ યોજના હેઠળ સાત મુખ્ય પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે જેમાં વીજપડીથી વીજપડી રેલ્વે સ્ટેશન (૫ કિ.મી.) - ૨.૭૫ કરોડ, રામગઢ-ગાધકડા-લીખાળા રોડ (૯.૬૦ કિ.મી.) - ૫.૩૦ કરોડ, અભરામપરા-કૃષ્ણગઢ રોડ (૩.૪૦ કિ.મી.) - ૧.૩૦ કરોડ, વિરડીથી નાળ રોડ (૩.૫૦ કિ.મી.) - ૧.૫૦ કરોડ, મોટા ભમોદ્રા-નાળ-રબારીકા (૭ કિ.મી.) - ૨.૮૦ કરોડ, કાત્રોડી-હિપાવડલી (૨.૫૦ કિ.મી.) - ૮૦ લાખ, જેસરના ઘોબાથી ઠાસા (૪.૧૦ કિ.મી.) - ૨.૪૦ કરોડનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સથી સાવરકુંડલા પંથકના ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થશે, જે ખેડૂતો અને માલધારીઓને લાભ આપશે.

# રાજકોટમાં ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘની સૌરાષ્ટ્ર ઝોનની કાર્યશાળા યોજાઈ

રાજકોટ,તા.૨૩

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા આયોજિત સૌરાષ્ટ્ર ઝોનની ગ્રોથ અને ઓનલાઈન રજીસ્ટ્રેશન અંગેની કાર્યશાળા રાજકોટમાં યોજાઈ હતી. આ કાર્યશાળા રાજકોટ શહેર જિલ્લા ભારત સંઘના યજમાનપદે ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સવારે ૧૧થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાઈ હતી. આ દરમિયાન દરેક જિલ્લામાં ગ્રોથ કેવી રીતે વધારવો, સ્કાઉટિંગ-ગાઈડિંગ પ્રવૃત્તિઓનો પ્રચાર અને પ્રસાર, સૌરાષ્ટ્ર ઝોન લેવલે તમામ જિલ્લાઓનું સંકલન અને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની પ્રવૃત્તિઓને યોગ્ય ન્યાય આપવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત વધુમાં વધુ વિદ્યાર્થીઓ સ્કાઉટિંગની સાથે આઉટિંગમાં ભાગ લે અને શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓનું સંઘમાં રજીસ્ટ્રેશન વધારવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય, જામનગર, ભાવનગર અને અમરેલી એમ કુલ પાંચ જિલ્લાઓના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીરગઢડાના બાબરિયા ખાતે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને ગ્રામસભા યોજાઈ



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના, તા.૨૩

ગીરગઢડાના બાબરિયા ખાતે જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને બાબરિયા ખાતે ગ્રામસભા યોજાઈ હતી.

આ ગ્રામસભામાં કલેક્ટરએ ગીર અભ્યારણ્ય બોર્ડરનાં ગ્રામજનોની રજૂઆતોને ધ્યાને લઈ નિયમ મુજબ સંબંધિત વિભાગના અધિકારીઓને હકારાત્મક ઉકેલ માટે સૂચનાઓ આપવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગીર અભ્યારણ્ય બોર્ડરનાં બાબરિયા નેશ, થોરડી, કુરેડા, ભાખા, પોપટડી નેશ, ઝાંખીયા નેશ સહિતના ગામોનાં વિવિધ પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાનાં અધ્યક્ષસ્થાને બાબરિયા ખાતે ગ્રામસભા યોજાઈ હતી. કલેક્ટરએ ગ્રામજનોના વન વિભાગ વિષયક, રોડ રસ્તા અને સેટલમેન્ટ થયેલા ગામોનાં નાગરિકોને પડતી મુશ્કેલીઓની રજૂઆતો સાંભળી હતી અને તેનું હકારાત્મક નિરાકરણ લાવવા સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

# ઘાંટવડ ગામમાં યોજાયેલા જનરલ ચેકઅપ કેમ્પનો ૬૧૭ દર્દીએ લાભ લીધો



ઉના, તા.૨૩

ઘાંટવડ ગામ ખાતે દરબાર સમાજની વાડીમાં જનરલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘાંટવડ ગામના તથા આજુબાજુના ગામના ૬૧૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો. મોતીયાના ૩૯ અને વેલનાં ૩, PCO ૨ તથા જનરલ વગેરેમાં દર્દીઓએ લાભ લીધો હતો. એવરેસ્ટ હોસ્પિટલ મલ્ટી સ્પેશિયાલિટી, મહેતા એન્ડ ગાર્ડી અને ભાનુ જનરલ હોસ્પિટલ દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ઉનાથી કચ્છ આશાપુરા માતાજીના મઢ સુધી પદયાત્રામાં ૩૫ યુવાનો જોડાયા




ઉના, તા.૨૩

ઉનામાં શકિત ગ્રુપના તમામ યુવાનો દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાથી કચ્છ સુધી માતાના મઢ સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ પદયાત્રિકોએ આજે ઉનાથી પ્રયાણ કર્યું હતું. જય મા આશાપુરા, જય માતાજીના નાદથી રસ્તા ગુંજી ઉઠ્યા હતા. ઉનાના ૩૫ કેટલા યુવાનો દસ થી બાર દિવસ સુધી સતત પદયાત્રા કરી કચ્છમાં આવેલ મા આશાપુરા માતાજીના મઢ ખાતે નવરાત્રીના પ્રથમ નોરતે પહોંચશે. માતાજીના મઢ સુધી પદયાત્રામાં એક ટ્રક પણ સાથે રાખવામાં આવે છે. તેમાં પાણી, નાસ્તો, ભોજન સામગ્રી તેમજ બેગ સહિતની ચીજવસ્તુઓ રાખવામાં આવે છે.

# ડોળાસા શક્તિપીઠ દ્વારા દરિયા કિનારો, ડેમ વિસ્તારની સફાઈ કરાઈ




તસવીર : અનીલ કાનાબાર

કોડીનાર, તા.૨૩

ડોળાસા શક્તિપીઠ દ્વારા દરિયા કિનારો, ડેમ વિસ્તાર વગેરેની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સીમા જાગરણ મંચ ગીર સોમનાથ આયોજિત સાગર સફાઈ યોજના હેઠળ શક્તિપીઠ ડોળાસા દ્વારા ડોળાસા, ચીખલી, પાંચ પીપળવા, અડવી ગામના યુવાનોએ ૨૧/૯/૨૦૨૪ના રોજ ચીખલી ગામના દરિયા કિનારાની તથા પાંચ પીપળવા બંધારાની સફાઈ કરવામાં આવેલ. જેમાં સીમા જાગરણ મંચના પાયલબેન બારડ તથા ચીખલી ગામના જાગૃત સરપંચ નરેશભાઈ કામળિયા તથા અડવી ઈન્સપાયર એકેડમીના ૫૦ જેટલા બાળકોએ સાંજના ૪ થી ૬ સુધી સફાઈ કરેલ અને પર્યાવરણને પ્લાસ્ટિકથી થતા નુકસાન અંગે માહિતગાર કરેલ હતા.

# બગસરા તાલુકામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા.૨૩

રાજ્ય સરકારની જનકલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસનની નેમ સાથે રાજ્યવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો છે. આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા-મહાનગરપાલિકા દીઠ બે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. સેવા સેતુ કાર્યક્રમ એ રાજ્ય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમમાં ૨૫ લાભાર્થીઓને આવકના દાખલા, ૨૨ લાભાર્થીઓને યુડીઆઈડી કાર્ડ રજિસ્ટ્રેશન, ૧૨ લાભાર્થીઓને રાશન કાર્ડ નામ દાખલ, આઈસીડીએસ અન્વયે ૧૧ બાળકોની આધાર નોંધણી, પીએમજેવાય યોજના અન્વયે ૮ લાભાર્થીઓની અરજી, નવા ઘરેલુ વીજ જોડાણ માટે ૫ અરજી, રાશન કાર્ડમાં નામ સુધારણા અને કમી કરવા ૬ અરજી, સામાજિક વનીકરણ અન્વયે ૫૦ અને બગસરા તાલુકા કાનૂની સેવા અન્વયે ૮૦ સહિત તમામ અરજીઓ પર કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

## રાજુલાના મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં

મું.રાજુલા.

જન્મ મરણ અરજી નંબર .૩૮૪/ ૨૦૨૪

અરજદાર:- કડવાભાઈ નથુભાઈ ધાપા
ઉ.વ.:૬૨, ધર્મે : હિન્દુ, ધંધોઃ નિવૃત
રહે.: મું વિકટર, તા. રાજુલા, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
ગામ: વિકટર, તા. રાજુલા, જી. અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વિકટર ગામના રહીશ **શ્રી કડવાભાઈ નથુભાઈ ધાપા એ તેમની પુત્ર મંગાભાઈનો જન્મ તા.૦૯/૧૧/૧૯૬૮**નાં રોજ રાજુલા તાલુકાના વિકટર ગામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી **વકીલ શ્રી એ. બી. શિયાળ** મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી ની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા.૧૦ માહે ૦૯ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકા કરીને આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.:- ૧૦/૦૯ /૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી.**
**એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા**

## રાજુલાના મહે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં

મુ.રાજુલા.

પર.ફો.અ.નં.૩૪૬/ ૨૦૨૪

અરજદાર:- શીયાળ સુમલબેન રાણાભાઈ, ઉ.વ.આ.૮૫,
રહે.: મું. વિસળીયા, તા. રાજુલા, જી. અમરેલી.
મો.નં. ૯૭૧૪૦૫૬૧૪૮

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી કમ મંત્રી સાહેબશ્રી,-વ- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી- વિસળીયા, તા. રાજુલા,

**::નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોજે વિસળીયા, ગામના **શ્રી શીયાળ સુમલબેન રાણાભાઈ, એ તેમના પતિ, સ્વ.રાણાભાઈ નગાભાઈ શીયાળ, સ્વ.તા.૧૫/૦૬/૨૦૧૨** નાં રોજની મરણ અંગેની નોંધ કરાવવા તેમના **વકિલ એચ.એ.વીંછી**, મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે ૦૯ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.:- ૧૦/૦૯ /૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી.**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ, રાજુલા**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.

જન્મ /મરણ અરજી નંબર / ૨૮૩ /૨૦૨૪

**અરજદાર :-** શ્રી દુલાભાઈ દડુભાઈ રામ,
**સરનામું:-** રહે.ભેરાઈ, તા.રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-**જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી,
જોલાપુર, તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ ગામના શ્રી દુલાભાઈ દડુભાઈ રામએ તેમના પુત્રી શ્રી કવિતાબેન દુલાભાઈ રામનો જન્મ તા.૦૪/૦૮/૨૦૦૬ ના રોજ જોલાપુર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કિર્તીભાઈ બી. પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે.સપ્ટેમ્બર, સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૧૧/૦૯/૨૦૨૪**

**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૬૪/૨૦૨૪

અરજદાર :- શ્રી હલીમાબેન કમાલુદીનભાઈ સોરઠીયા
સરનામું :- મું.તુર્કી મહોલ્લા, જાફરાબાદ, તા. જાફરાબાદ, જિ. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટર અને
ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી **હલીમાબેન કમાલુદીનભાઈ સોરઠીયા** એ તેમના બહેનનાં પુત્ર નામે શ્રી **ઈસ્માઈલ નુરમ્મહમદભાઈ સોરઠીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૧** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૫ માહે. **સપ્ટેમ્બર** સને. **૨૦૨૪** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૦૫/૦૯/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં./ ૧૬૩ /૨૦૨૪

અરજદાર: શ્રી સોરઠીયા ઈસ્માઈલભાઈ મીયા મહંમદભાઈ
સરનામુ: મુ. જાગતપીર રોડ, જાફરાબાદ, તા. જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટર અને
ચીફ ઓફિસરશ્રી, નગરપાલીકા જાફરાબાદ
મું. જાફરાબાદ, તા. જાફરાબાદ, જિ. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી સોરઠીયા ઈસ્માઈલભાઈ મીયા મહમદભાઈ** એ તેમના **સાળાના** પુત્ર નામે **શ્રી જાફરભાઈ અલાઉદીનભાઈ નરપાલી** નો **જન્મ તા.૨૪/૦૪/૧૯૮૪** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી. પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે સપ્ટેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૫/૦૯/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં./ ૪૨ /૨૦૨૪

અરજદાર: શ્રી ગોકુળભાઈ બાવભાઈ વઘાસીયા
સરનામુ: મું. ફાચરીયા, તા. જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટ્રાર તલાટી કમ મંત્રીશ્રી,
ફાચરીયા, મું. જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ફાચરીયા** ગામના **શ્રી ગોકુળભાઈ બાવભાઈ વઘાસીયા** એ તેમના **(૧)દાદા નામે સ્વ.શ્રી જાદવભાઈ જાગાભાઈ વઘાસીયા નું મરણ** તા.૦૩/૦૪/૧૯૯૦ **તથા (૨) દાદી નામે સ્વ.શ્રી મોઘીબેન જાદવભાઈ વઘાસીયા નું મરણ તા.૦૭/૦૫/૧૯૮૯ તથા (૩) માતા નામે સ્વ.શ્રી દિવાળીબેન બાવભાઈ વઘાસીયા નું મરણ તા.૧૦/૦૪/૧૯૮૪** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે સપ્ટેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૫/૦૯/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

**નં.જન્મ/કેસ/રજી.નં.૬૭/૨૦૨૪**

પ્રતિ
શ્રી નિલેશભાઈ પ્રતાપભારથી ગૌસ્વામી
રહે. કોડીનાર. તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, ડી.આર. ડોડીયા તથા વી.વી.રાવલ, રહે. કોડીનાર **...અરજદાર.**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી -કમ- મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,માલશ્રમ,
તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ **....સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાનાં **કોડીનારના** રહીશ **શ્રી નિલેશભાઈ પ્રતાપભારથી ગૌસ્વામી તથા શ્રી સુનીતાબેન નિલેશભાઈ ગૌસ્વામીની પુત્રી શ્રી મહેક નિલેશભાઈ ગૌસ્વામી** નો જન્મ તા.૨૯/૦૬/૨૦૧૭ માં કોડીનાર તાલુકાના માલશ્રમ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના માલશ્રમ ગામના સને ૨૦૧૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૪/૦૯/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**

# દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ પદ સંભાળ્યા બાદ કેજરીવાલ માટે ખુરશી ખાલી રાખી

નવીદિલ્હી,તા.૨૩



દિલ્હીના નવા સીએમ આતિશીએ સોમવારથી મુખ્યમંત્રી પદનો ચાર્જ સંભાળી લીધો છે. આ દરમિયાન તેમણે કહ્યું કે અરવિંદ કેજરીવાલ માટે ખુરશી ખાલી છે અને તેઓ રાહ જોશે. સીએમ આતિશીએ કહ્યું, 'આજે મારા મનમાં પણ એ જ પીડા છે જે ભગવાન રામ વનવાસમાં ગયા ત્યારે ભરતજીના મનમાં હતી. તેમણે ભગવાન રામની ગાદી રાખીને શાસન કર્યું. ભગવાન રામ આપણા બધાના આદર્શ છે અને કેજરીવાલજીએ તેમના બતાવેલા માર્ગ પર ચાલીને દિલ્હીની જનતાની સેવા કરી અને શિષ્ટાચારનું પાલન કરીને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું. મને વિશ્વાસ છે કે હવે દિલ્હીની જનતા કેજરીવાલને જંગી બહુમતીથી વિધાનસભાની ચૂંટણીમાં વિજયી બનાવીને ફરીથી મુખ્યમંત્રી બનાવશે. ત્યાં સુધી આ મુખ્યમંત્રીની ખુરશી કેજરીવાલજીની રાહ જોશે. આતિશીએ કહ્યું, 'મને વિશ્વાસ છે કે ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણીમાં દિલ્હીના લોકો અરવિંદ કેજરીવાલને ફરીથી સીએમ તરીકે ચૂંટશે. ત્યાં સુધી અરવિંદ કેજરીવાલની ખુરશી અહીં જ રહેશે.

તેમણે કહ્યું કે, 'છેલ્લા બે વર્ષથી ભાજપે અરવિંદ કેજરીવાલની છબી ખરાબ કરવામાં કોઈ કસર છોડી નથી.

# તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમે લાડુ પ્રસાદ વિવાદને લઈને મહા શાંતિ હોમનું આયોજન કર્યું

**મંદિરને પરંપરાઓ અનુસાર શુદ્ધ કરવામાં આવશે, સમગ્ર મામલાની આઈજીપી કક્ષાએ તપાસ કરવાના આદેશ**

(એ.આર.એલ),તિરુપતિ,તા.૨૩



આંધ્રપ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ભેળસેળનો મામલો સામે આવ્યા બાદ દેશભરમાં ગુસ્સો છે. હાલમાં જ આંધ્ર પ્રદેશ સરકારે પણ ત્રણ મોટા નિર્ણયો લીધા હતા, જેમાં કહેવામાં આવ્યું હતું કે મંદિરને પરંપરાઓ અનુસાર શુદ્ધ કરવામાં આવશે. આ સાથે સમગ્ર મામલાની આઈજીપી કક્ષાએ તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા હતા. હવે મંદિરની પ્રબંધન સમિતિમાં એવા લોકો જ રહેશે, જેમને ભગવાનમાં શ્રદ્ધા છે. આ સિવાય તમામ મંદિરો માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર બનાવવામાં આવશે, જેનું પાલન તમામ મંદિરો માટે ફરજિયાત રહેશે. ટીટીડી (તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ) એ લાડુ પ્રસાદમ વિવાદને પગલે મહા શાંતિ હોમનું આયોજન કર્યું છે. તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમના કાર્યકારી અધિકારી શમલા રાવ અને બોર્ડના અન્ય અધિકારીઓ પૂજારીઓ સાથે હોમમાં હાજરી આપી હતી.

તમને જણાવી દઈએ કે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ ભારતમાં એક સ્વતંત્ર સરકારી ટ્રસ્ટ છે, જેનું સંચાલન આંધ્ર પ્રદેશ સરકાર કરે છે. ટ્રસ્ટ મુખ્યત્વે સૌથી ધનાઢ્ય અને સૌથી વધુ મુલાકાત લેવાયેલ ધાર્મિક કેન્દ્ર, વેંકટેશ્વર મંદિર, તિરુમાલાની કામગીરી અને નાણાંકીય બાબતોની દેખરેખ રાખે છે. તેનું મુખ્ય મથક આંધ્ર પ્રદેશમાં તિરુમાલા, તિરુપતિ ખાતે છે.

# હિમાચલ પ્રદેશનું રાહત ફંડ સોનિયાના રાહત ફંડમાં જાય છે : કંગનાનો પ્રહાર

(એ.આર.એલ),શિમલા,તા.૨૩



હિમાચલ પ્રદેશના મંડીથી બીજેપી સાંસદ કંગના રનૌતે ફરી એકવાર રાજ્યની સુખુ સરકાર પર પ્રહારો કર્યા છે. કંગના રનૌતે સુખુ સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે, સીએમ સુખુ લોન લે છે અને તે લોન પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને આપે છે. તેમણે દાવો કર્યો હતો કે આનાથી રાજ્યની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. સાંસદ કંગના રનૌત બીજેપી સદસ્યતા અભિયાન શરૂ કરવા શિમલાના એક ગામમાં આવી હતી. આ દરમિયાન જનમેદનીને સંબોધિત કરતી વખતે રનૌતે કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. રનૌતે કહ્યું, બધા જાણે છે કે ભ્રષ્ટાચાર વધી રહ્યો છે, અને કોંગ્રેસ શાસિત રાજ્ય સરકારોએ તેમના રાજ્યોને પોકળ કરી દીધા છે.

# અનુરા કુમારા દિસાનાયકે શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ બન્યા : પીએમ નરેન્દ્ર મોદીએ અભિનંદન પાઠવ્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩



માર્ક્સવાદી નેતા અનુરા કુમારા દિસાનાયકે શ્રીલંકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત મેળવી છે. ૫૬ વર્ષીય દિસાનાયકે હવે શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનુરા કુમારા દિસાનાયકેને શ્રીલંકાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમની જીત બદલ અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે તેઓ ભારત-શ્રીલંકા બહુ-આયામી સહયોગને વધુ મજબૂત કરવા તેમની સાથે નજીકથી કામ કરવા આતુર છે. જણાવી દઈએ કે માર્ક્સવાદી નેતા દિસાનાયકેને શ્રીલંકાના ચૂંટણી પંચે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિજેતા જાહેર કર્યા છે. માર્ક્સવાદી જનતા વિમુક્તિ પેરામુના પાર્ટીના બ્રોડ ફ્રન્ટ નેશનલ પીપલ્સ પાવરના નેતા દિસાનાયકે, તેમના નજીકના હરીફ સામગી જના બાલાવેગયાના સાજીથ પ્રેમદાસાને હરાવ્યા. મોદીએ 'એક્સ' પર કહ્યું, "શ્રીલંકાના રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા બદલ અનુરા કુમારા દિસાનાયકેને અભિનંદન.

**સમગ્ર ક્ષેત્રના લાભ માટે અમારા બહુપરિમાણીય સહયોગને વધુ મજબૂત કરવા આતુર : મોદી**

"ભારતની નેબરહુડ ફર્સ્ટ પોલિસી અને વિઝનમાં શ્રીલંકાનું વિશેષ સ્થાન છે." પ્રધાનમંત્રીએ કહ્યું, "હું અમારા લોકો અને સમગ્ર ક્ષેત્રના લાભ માટે અમારા બહુપરિમાણીય સહયોગને વધુ મજબૂત કરવા તમારી સાથે મળીને કામ કરવા આતુર છું.

# રિપોર્ટ : ભારતમાં અમીર લોકોને કારણે દારૂના ભાવમાં વધારો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩

ભારતનો વધતો સમૃદ્ધ વર્ગ હાઈ-એન્ડ દારૂના વેચાણમાં વધારો કરી રહ્યો છે. સ્વિટ્ઝર્લેન્ડના એક સંશોધકના જણાવ્યા અનુસાર, સ્કોચ વ્હિસ્કી અને ફાઇન વાઈનના વેચાણમાં બે આંકડામાં વૃદ્ધિ નોંધાઈ છે, જે યુએસ અને ચીનમાં વપરાશમાં વૃદ્ધિના દર કરતાં વધુ ઝડપી છે. ઝુરિચ સ્થિત વરિષ્ઠ લક્ઝરી બ્રાન્ડ બિલ્ડર અને ગ્રાહક અનુભવ નિષ્ણાત સિમોન જોસેફે જણાવ્યું હતું કે, "એક સબકૅટેગરી જ્યાં ભારતે ચીનને પાછળ છોડી દીધું છે અને પાંચ વર્ષમાં યુએસ કરતાં બમણા દરે વૃદ્ધિ કરી રહી છે તે છે સ્કોચ લક્ઝરી વ્હિસ્કી." ગ્લિઓન ઈન્સ્ટિટ્યૂટ ઑફ હાયર એજ્યુકેશનના સંશોધક જોસેફે જણાવ્યું હતું કે વિવિધ ડેટા અનુમાન મુજબ,



લક્ઝરી સ્કોચ વ્હિસ્કી માર્કેટ પણ ૨૦૨૪ના અંત સુધીમાં ૧૬ ટકાના વાર્ષિક દરે વધી રહ્યું છે. યુકે સ્થિત સ્કોચ વ્હિસ્કી એસોસિએશનના ડેટાને ટાંકીને જોસેફે જણાવ્યું હતું કે ભારતમાં સ્કોચ વ્હિસ્કીની નિકાસ ૨૦૨૨ સુધીમાં ૬૬ ટકાના વાર્ષિક દરે વૃદ્ધિ પામશે, જે યુએસ, ચીન અને અન્ય મહત્વપૂર્ણ બજારો કરતાં આગળ છે. બ્રિટન સ્થિત એસડબ્લ્યુએના ડેટા અનુસાર, ૨૦૨૩ માં ભારતમાં ૧૬૭ મિલિયન બોટલની નિકાસ કરવામાં આવી હતી, જે ૨૦૧૯ કરતાં ૨૭ ટકા વધુ છે. જોસેફે કહ્યું, "મૂલ્યની દૃષ્ટિએ યુનાઈટેડ સ્ટેટ્સ હજુ પણ સ્કોચ વ્હિસ્કીના વપરાશમાં આગળ છે; ભારત હવે જથ્થાના સંદર્ભમાં સૌથી મોટો ઉપભોક્તા છે, ફ્રાન્સ કરતાં થોડું આગળ છે. "સ્કોટલેન્ડ સ્કોચ વ્હિસ્કીનું સૌથી મોટું નિકાસકાર રહ્યું છે."

**હરિયાણામાં યુવક સાથે રૂા.૨૧.૯૦ લાખની છેતરપિંડી થઈ હતી**

# હરિયાણા પોલીસે રાજસ્થાનના આરોપી પાસેથી ૧૦ લાખ રોકડ, ૨૭ મોબાઈલ કબજે કર્યા

(એ.આર. એલ),ચંડીગઢ,તા.૨૩



હરિયાણા પોલીસે સાયબર ફ્રોડ ગેંગનો પર્દાફાશ કર્યો છે. સાયબર પોલીસ સ્ટેશન ઝજ્જરની પોલીસ ટીમે આંતરરાજ્ય નેટવર્ક ગેંગને પકડી છે. પોલીસે આ કેસમાં એક આરોપીની ધરપકડ કરી છે. તેની ઓળખ રાજસ્થાનના અલવર જિલ્લાના કરોથ ગામના રહેવાસી રતનલાલ તરીકે થઈ છે, જ્યારે બાકીના ત્રણ આરોપીઓ ફરાર છે. એસીપી ઓફિસ મહિલા પોલીસ સ્ટેશનમાં એસીપી અનિરુધ ચૌહાણે જણાવ્યું હતું કે સાયબર પોલીસ સ્ટેશન ઝજ્જર મેનેજર અજય મલિકની દેખરેખ હેઠળ, સાયબર પોલીસ સ્ટેશન ઝજ્જરની પોલીસ ટીમે ફરિયાદના આધારે અરજિયા રાજસ્થાનમાં દરોડો પાડ્યો હતો. પોલીસે ત્યાંથી સાયબર ફ્રોડમાં વપરાતા સાધનોનો જંગી જથ્થો રિકવર કર્યો હતો. પાલિકા કોલોની બહાદુરગઢના રહેવાસી જિતેન્દ્રએ પોલીસમાં ફરિયાદ કરી હતી કે ટાસ્કના નામે તેની સાથે ૨૧ લાખ ૯૦ હજાર ૩૩૧ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે.

# મહારાષ્ટ્રમાં ઉદ્ધવની પત્ની રશ્મિ ઠાકરે મુખ્યમંત્રીની રેસમાં

એ.આર.એલ),મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. મુંબઈમાં માતોશ્રી (ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન) ખાતે રાજ્યના ભાવિ મુખ્યમંત્રીને લઈને એક નવું નામ સામે આવ્યું છે. માતોશ્રીમાં ભાવિ મુખ્યમંત્રી તરીકે ઉદ્ધવ ઠાકરેની પત્ની રશ્મિ ઠાકરેની તસવીર સાથે મોટા બેનર લગાવવામાં આવ્યા છે. માતોશ્રીમાં રશ્મિ ઠાકરેને સીએમ બનાવવાનું બેનર લગાવ્યા બાદ રાજ્યમાં રાજકીય હલચલ મચી ગઈ છે. એક કલાકમાં શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથના યુવા કાર્યકરો પણ માતોશ્રી પરથી બેનર હટાવતા જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે તાજેતરમાં મહારાષ્ટ્રમાં એક મહિલા મુખ્યમંત્રીને લઈને ચર્ચા શરૂ થઈ હતી. હવે સોમવારે રશ્મિ ઠાકરેનો જન્મદિવસ છે, તેથી શિવસેના યુવા સેના દ્વારા માતોશ્રીની બહાર રશ્મિ ઠાકરે ભાવિ મુખ્યમંત્રી હોવાના પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા.

# ઉત્તર-પશ્ચિમ ભારતમાં અનેક સ્થળોએ છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની સંભાવના

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩

ભારતના હવામાન વિભાગે દેશના ઘણા ભાગોમાં વરસાદની આગાહી કરી છે ઓડિશામાં આગામી બે દિવસ સુધી ભારે વરસાદની અપેક્ષા છે, જ્યારે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ૨૬ સપ્ટેમ્બર સુધી સમાન સ્થિતિ જોવા મળે તેવી શક્યતા છે. અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ૨૪ અને ૨૫ સપ્ટેમ્બરની વચ્ચે ભારે વરસાદ થવાની ધારણા છે અને ઉપ-હિમાલયના પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ૨૬ સપ્ટેમ્બરે ભારે વરસાદ થવાની ધારણા છે. વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનના પૂર્વ ભાગોમાં ૨૭ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી વરસાદ પડી શકે છે. આગામી બે અઠવાડિયા માટે તેની હવામાન આગાહીમાં, આઈએમડીએ જણાવ્યું હતું કે આવતા સપ્તાહ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં ઘણી જગ્યાએ છૂટાછવાયાથી હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે, જ્યારે પશ્ચિમ અને દક્ષિણ દ્વીપકલ્પમાં છૂટાછવાયાથી ભારે વરસાદની શક્યતા છે. ખાસ કરીને કોંકણ અને ગોવા, મરાઠવાડા, રાયલસીમા અને તટીય અને ઉત્તરીય કર્ણાટકમાં. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ અઠવાડિયે સમગ્ર દેશમાં વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની શક્યતા છે.



# ઈઝરાયેલના ફાઈટર વિમાને હિઝબુલ્લાના ૪૦૦થી વધુ સ્થાનો પર ભીષણ હુમલા કર્યા

(એ.આર.એલ),બેરૂત,તા.૨૩



ગાઝા યુદ્ધની અસર સહન કરી રહેલા પશ્ચિમ એશિયામાં બીજા મોરચે હુમલાઓ અને વળતા હુમલાઓ તીવ્ર બન્યા છે. લેબનીઝ તરફી હિઝબુલ્લાએ રવિવારે ઉત્તરી ઈઝરાયેલના આંતરિક અને વિશાળ વિસ્તારમાં ૧૧૫ થી વધુ રોકેટ છોડ્યા હતા. જવાબમાં, ઈઝરાયેલના ફાઈટર પ્લેન્સે લગભગ ૪૦૦ હિઝબુલ્લાહ સ્થાનો પર બોમ્બમારો કર્યો. જેમાં હિઝબુલ્લાહના રોકેટ લોન્ચરનો સમાવેશ થાય છે. લગભગ એક વર્ષથી ચાલી રહેલા સંઘર્ષમાં ઈઝરાયેલના આ હુમલાને સૌથી ગંભીર બોમ્બ વિસ્ફોટ તરીકે ગણવામાં આવી રહ્યો છે. ઈઝરાયેલની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ નદવ શોશાનીએ કહ્યું કે તેમની સેનાએ હિઝબુલ્લાની ૪૦૦ જગ્યાઓ પર જોરદાર બોમ્બમારો કર્યો. આમાં રોકેટ લોન્ચર પણ સામેલ હતા. આ હાઈફા પર હિઝબુલ્લાહના હુમલાનો જવાબ હતો. તેમણે કહ્યું કે આવનારા દિવસોમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર હુમલા વધુ તીવ્ર કરવામાં આવશે. ઈઝરાયેલની સેનાએ કહ્યું કે હિઝબુલ્લાએ ઉત્તરી વિસ્તારના વસ્તીવાળા વિસ્તાર હાઈફા અને નાઝરેથ પર આખી રાત બોમ્બમારો કર્યો. જેના કારણે હજારો લોકોએ સલામત સ્થળે આશરો લેવો પડ્યો હતો. ઈઝરાયેલના મેગેન ડેવિડ એડોમ રેસ્ક્યુ સર્વિસે જણાવ્યું હતું કે ૭૬ વર્ષના એક વ્યક્તિ સહિત ચાર લોકો શ્રાપનેલથી ઘાયલ થયા છે. હૈફા નજીક કિરયાત બિયાલિક ઈમારતોને નુકસાન થયું હતું અને કારનો નાશ થયો હતો. હુમલાઓને ધ્યાનમાં રાખીને, ઉત્તર ઈઝરાયેલના ઘણા વિસ્તારોમાં શાળાઓ બંધ કરવામાં આવી હતી અને લોકોના એકઠા થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. બીજી તરફ હિઝબુલ્લાએ દાવો કર્યો છે કે તેણે ઈઝરાયેલ પરના હુમલામાં ફાદી-૧ અને ફાદી-૨ મિસાઈલનો પણ ઉપયોગ કર્યો હતો.

**મેક્સિકોમાં યોજાનાર મિસ યુનિવર્સ ૨૦૨૪માં તે ભારતનું પ્રતિનિધિત્વ કરશે**

# ગુજરાતની દીકરીએ ૫૧ ફાઈનલિસ્ટને માત આપીને મિસ યુનિવર્સ ઈન્ડિયાનો તાજ જીત્યો

(એ.આર.એલ),જયપુર,તા.૨૩



રિયાએ મિસ યુનિવર્સનો તાજ પહેર્યા બાદ ખુશી વ્યક્ત કરી છે. તેણે એએનઆઈ સાથે વાતચીતમાં કહ્યું કે આજે તેણે મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૪નો ખિતાબ જીત્યો છે. આ માટે તે ખુબ આભારી છે. રિયાએ કહ્યું કે આ મુકામ પર પહોંચવા માટે તેણે ખુબ મહેનત કરી છે. એટલું જ નહીં રિયાએ એમ પણ કહ્યું કે આ તે પોતાની જાતને આ તાજને લાયક સમજી શકે છે. તે પહેલેથી જ વિનર્સથી ખુબ પ્રભાવિત રહી છે. રિયા સિંઘાએ મિસ યુનિવર્સ ઈન્ડિયાનો તાજ જીત્યા બાદ આ તાજ ઉર્વશી રૌતેલાએ તેને પહેરાવ્યો હતો. મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૪નો તાજ જીતી ચૂકેલી રિયા સિંઘા વિશે વાત કરીએ તો ૧૮ વર્ષની રિયા ગુજરાતની રહીશ છે અને એક સારી મોડલ પણ છે. તે સોશિયલ મીડિયા ઉપર પણ ખુબ એક્ટિવ રહે છે અને તેના ઈન્સ્ટાગ્રામ પર ૪૦ હજારથી વધુ ફોલોઅર્સ છે. પોતાની બોલ્ડનેસ અને સુંદરતાને લઈને ચર્ચામાં રહે છે. ફેન્સ પણ તેને ખુબ પસંદ કરે છે. મેક્સિકોમાં યોજનારા મિસ યુનિવર્સ ૨૦૨૪માં તે ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

**વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને પ્રોત્સાહન આપવા**

# પ્રધાનમંત્રી મોદી ટોચની અમેરિકન ટેક્નોલોજી કંપનીઓના CEOને મળ્યા

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૩



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસીય અમેરિકાના પ્રવાસે છે. તેમની મુલાકાત દરમિયાન, તેમણે ક્વાડ સમિટમાં ભાગ લીધો હતો અને ભારતીય ડાયસ્પોરાને પણ મળ્યા હતા. આ સિવાય તેમણે મોટી અમેરિકન ટેક્નોલોજી કંપનીઓના સીઈઓ સાથેની બેઠકમાં પણ હાજરી આપી હતી. આ બેઠકમાં તેમણે ભારતની વિકાસની સંભાવનાઓ પર ભાર મૂક્યો હતો અને વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને પ્રોત્સાહન આપવા માટેની પહેલોની ચર્ચા કરી હતી. આ બેઠક રવિવારે લોટ્ટે ન્યૂયોર્ક પેલેસ હોટેલમાં થઈ હતી. આ બેઠકમાં ઘણી અમેરિકન કંપનીઓના સીઈઓએ ભાગ લીધો હતો. મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી સ્કૂલ ઑફ એન્જિનિયરિંગ દ્વારા આયોજિત આ બેઠકમાં અમેરિકાની ટોચની ટેક ફર્મ ગુગલ સીઈઓ સુંદર પિચાઈ અને એડોબ સીઈઓ શાંતનુ નારાયણે પણ ભાગ લીધો હતો.

**શાહબાઝ સરકારની આંતરરાષ્ટ્રીય બદનામી થઈ**

# પાકિસ્તાનમાં ૧૨ દેશોના વિદેશી રાજદ્વારીઓના કાફલા પર આતંકવાદી હુમલો, એકનું મોત

ઈસ્લામાબાદ,તા.૨૩



પાકિસ્તાનમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. પાકિસ્તાન આખી દુનિયામાં આતંકવાદની ખેતી કરનાર તરીકે જાણીતું છે. હવે ફરી એકવાર શાહબાઝના દેશની આંતરરાષ્ટ્રીય બદનામી થઈ છે. વાસ્તવમાં, પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતની સ્વાત ઘાટીમાં વિદેશી રાજદ્વારીઓના કાફલા પર આતંકવાદી હુમલો થયો છે. આતંકવાદીઓએ કાફલાના વાહનને રોડ કિનારે મુકેલા બોમ્બથી નિશાન બનાવ્યું હતું. જેમાં એક પોલીસ અધિકારીનું મોત થયું છે. ત્રણ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ હુમલો જહાનાબાદ પાસે થયો હતો. કાફલામાં ૧૨ દેશોના રાજદ્વારીઓ બસમાં મુસાફરી કરી રહ્યા હતા. સ્વાત જિલ્લા પોલીસ અધિકારી ઝાહિદુલ્લા ખાને જણાવ્યું હતું કે રાજદ્વારીઓ સ્થાનિક ચેમ્બર ઓફ કોમર્સના આમંત્રણ પર સ્વાત ખીણ પ્રદેશની મુલાકાત લઈ રહ્યા હતા.

# અમરેલી જિલ્લાના PI, PSIની અરસ-પરસ બદલી કરતા જિલ્લા પોલીસ વડા

અમરેલી,તા.૨૩

અમરેલીના SP હિમકર સિંહે જિલ્લામાં ૯ પોલીસ અધિકારીઓની અલગ અલગ પોલીસ સ્ટેશનમાં બદલી કરી છે. અમરેલી જિલ્લા પોલીસબેડામાં બદલીઓનો દોર શરૂ થયો છે. વહીવટી સરળતા ખાતર જાહેર હિતમાં અલગ અલગ પીએસઆઇ, પીઆઇ સહિત પોલીસ અધિકારીની એસપી દ્વારા બદલીઓ કરવામાં આવી છે. અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ દ્વારા પોલીસબેડામાં મોટાપાયે ફેરફારો કરી બદલીઓ કરતા પોલીસ બેડામાં અનેક ચર્ચાઓ પણ જોવા મળી રહી છે. અલગ અલગ પોલીસ સ્ટેશનના પીએસઆઇ, પીઆઈની બદલીઓ કરવામાં આવી છે. જેમાં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન પીઆઈ. ડી.કે. વાઘેલાની બાબરા બદલી, બાબરા પી.આઈ. ચિરાગ કુગસીયાની સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં બદલી, અમરેલી સાયબર ક્રાઇમ પીઆઈ વી.એમ. કોલાદરાની રાજુલા બદલી, અમરેલી લિવરીઝર્વ પી.આઈ. એ.એમ. પરમારની સાયબર ક્રાઈમમાં બદલી, રાજુલા પીઆઇ આઈ. જે.ગીડાની લીલીયા બદલી, લીલીયા પીએસઆઇ એસ. આર.ગોહિલની અમરેલી એલસીબીમાં બદલી, બાબરા પીએસઆઇ એ.એમ. રાધનપરાની જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં બદલી, અમરેલી તાલુકા પી.એસ.આઈ. એલ.કે.સોઢાતરની સાયબર ક્રાઈમમાં બદલી, બગસરાના પી.એસ.આઈ. ડી.ડી.ડાંગરની અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવી હતી.



# તળાજાના પાવઠી ગામે બાળકોની બબાલમાં યુવાનની નિર્મમ હત્યા

ભાવનગર,તા.૨૩

તળાજાના પાવઠી ગામે રહેતા મંજુબેન વા/ઓ જીતુભાઈ સડથાભાઈ ડાભીએ ફરિયાદ નોંધાવી હતી કે, પાડોશમાં રહેતા બાળકોનો ડખો બપોરના ૪:૩૦ વાગ્યાના સુમારે થયો હતો, જે બાબતે મંજુબેન પાડોશમાં રહેતા અશ્વિનભાઈ સોમાભાઈ પરમાર તથા પરેશ સોમાભાઈ પરમારના ઘરે કહેવા જતા બોલાચાલી થઈ હતી તે દરમિયાન ઘરે પાછા ફરતી વખતે મંજુબેનને એક થપાટ મારતા રોડ પડી ગયેલ તેમજ ગળું દબાવી પાટા માર્યા હતા, બાદમાં ઘરે આવી મંજુબેને તેના પતિ જીતુભાઈને ફોન દ્વારા જાણ કરતા ઘરે આવ્યા હતા. મંજુબેન તથા તેના પતિ જીતુભાઈ પાડોશમાં તેઓના ઘરે ઠપકો આપવા ગયા હતા, તે દરમિયાન એક શખ્સે જીતુભાઈને છરીનો એક ઘા છાતીના ભાગે મારી ઈજા કરી હતી, ઈજાગ્રસ્ત યુવાનને



પ્રથમ તળાજા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબોએ તેમની સ્થિતિ નાજુક હોવાનું જણાવતા વધુ સારવાર અર્થે ભાવનગર સર ટી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન યુવાને દમ તોડતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. મૃતદેહનું પીએમ કરી પોલીસે વધુ તપાસ હાથ કરી હતી, આ હત્યાના બનાવ અંગે પત્ની મંજુબેને અશ્વિન સોમાભાઈ પરમાર તથા પરેશ સોમાભાઈ પરમાર વિરુદ્ધ તળાજા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે ફરિયાદ આધારે બંને શખ્સોને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

# કચ્છના રાપર નજીક ૩.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

રાપર,તા.૨૩



ભૂકંપના પર્યાય બની ચૂકેલા સરહદી કચ્છ પંથકમાં ધરતીકંપના આંચકાનો સિલસિલો સતત યથાવત રહેવા પામ્યો છે. આજે સવારે ૧૦.૫ મિનિટે વાગડના મુખ્ય મથક રાપર થી ૧૨ કિમી દૂર પશ્ચિમ દક્ષિણ દિશાએ આવેલા પગી વાંઢ નજીક ૩.૩ ની તીવ્રતાનો આફ્ટરશોક ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી રિસર્ચ કચેરી ખાતે નોંધાયો હતો. જોકે મધ્યમ કક્ષાના આંચકાની ખાસ અસર વર્તાઈ ના હતી, પરંતુ વર્તમાન માસ દરમિયાન વાગડ વિસ્તારની ધરા ભૂકંપના આંચકાથી સતત પાંચ વખત ધ્રુજી હોવાનું અંકિત થયું છે.

# ભચાઉ પાસે સ્કોર્પિયો કાર ડમ્પર સાથે અથડાતા ત્રણનાં મોત નિપજયાં

(એ.આર.એલ),ભુજ,તા.૨૩

ભચાઉ હાઈવે પર ભાભરથી સ્કોર્પિયો કારમાં આવી રહેલા મુસ્લિમ પરિવારને અકસ્માત નડ્યો હતો. સામખીયાળી તરફથી પુરપાટે આવતી કાર ઉભેલા ડમ્પરની પાછળ ભટકાઈ હતી જેમાં બે મહિલાના ઘટના સ્થળે અને એકનું સારવાર દરમિયાન મોત થયું હતું. કારમાં સવાર અન્ય બે મહિલા અને ડ્રાયવરને ઈજાઓ પહોચતા સારવાર તળે ખસેડાયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ રવિવારે બપોરે ભચાઉ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ભાભર તાલુકાના મીઠા ગામથી સ્કોર્પિયો કાર નંબર



જીજે ૧૫ સીકે ૯૫૫૫ વાળીમાં પાંચ મહિલા અને ડ્રાયવર સહિત છ લોકો આદિપુર જઈ રહ્યા હતા.એ દરમિયાન કારના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને કાર ઉભેલા ડમ્પરની પાછળ ધડાકાભેર અથડાઈ હતી. માર્ગ અકસ્માતની ગોજારી દુર્ઘટનામાં કારમાં સવાર બે મહિલાઓનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું જયારે એક મહિલાએ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.

# સુરતથી ગાંજો લઈ રાજકોટ આવી રહેલા બે શખ્સો ઝબ્બે

## પોલીસે રૂ.૫.૦૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



રાજકોટ,તા.૨૩

રાજકોટ એલસીબી ટીમ શનિવારે મધરાત્રે સાડા ત્રણ વાગ્યાના અરસામાં માલિયાસણ ચોકડી નજીક વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે કુવાડવા તરફથી બ્લૂ કલરની કાર આવતા પીએસઆઇ બોરીસાગરે તેને અટકાવવા હાથ ઊંચો કર્યો હતો. પોલીસને જોતા જ ચાલકે કારની સ્પીડ વધારી દીધી હતી આથી આગળ જતા ડિવાઈડર સાથે અથડાઈને ઊભી રહી ગઈ હતી. કાર ઊભી રહી જતાં કારના પાછળના ભાગે બેઠેલા બે શખ્સ નીચે ઉતર્યા હતા અને દોડીને નાસી ગયા હતા, જ્યારે પોલીસની ટીમે કારને કોર્ડન કરી કારમાં બેઠેલા ઘનશ્યામનગરના રાહિલ અમીન મીનાપરા અને અંકુરનગર મેઈન રોડ પરના અલીઅહેમદ હનિફ નકાણીને સકંજામાં લીધા હતા. પોલીસે તપાસ કરતાં કારના પાછળના ભાગેથી બે કોથળીમાંથી રૂ.૩૮,૯૬૦ની કિંમતનો ૩ કિલો ૮૯૬ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાંજો, ત્રણ મોબાઈલ અને કાર સહિત કુલ રૂ.૫,૦૧,૧૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# રાજયમાં ઠંડી ભુક્કા બોલાવશે અંબાલાલ પટેલે કરી આગાહી

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં કાળઝાળ ગરમી બાદ હવે કડક શિયાળો જોવા માટે તૈયાર થઈ જાઓ. કારણ કે, આ વખતે શિયાળો તમામ રેકોર્ડ તોડી નાખશે. ભુક્કા બોલાવી દે તેવી ઠંડી પડશે તેવી આગાહી હવામાન વિભાગ તથા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ બંનેએ કરી છે. આ વર્ષના શિયાળા માટે પણ ચોંકાવનારી આગાહી કરી છે. તેમણે કહ્યું કે, આ વખતે શિયાળો વહેલો શરૂ થશે. અલ નીનોની અસરના કારણે ભારત આસપાસનો દરિયો વધુ ઠંડો રહેશે. જેને કારણે ૩ ડિસેમ્બરથી રાજયભરમાં ઠંડીનો કહેર વર્તાશે. ૨૨ ડિસેમ્બરથી ઠંડીનો પ્રકોપ વધશે. આ વર્ષનો શિયાળો લાંબો પણ રહેશે.



સાથે જ તેમણે ચોમાસાની વિદાય અંગે અંબાલાલે કહ્યું કે, ૧૭ સપ્ટેમ્બર આસપાસ રાજસ્થાનના ભાગોમાં ચોમાસું વિદાય લેશે. જેથી તેના પશ્ચિમી પવનોનું જોર વધતા પૂર્વના પવનોને પાછળ ધકેલે છે. આ વર્ષે ગુજરાતમાં ચોમાસુ મોડું વિદાય લેશે. ૨૭ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર સુધી હસ્ત નક્ષત્રમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. આ સમયે પૂર્વનો પવન ફૂંકાશે. ૧૦ થી ૧૩ ઓક્ટોબર આસપાસ બંગળાના ઉપસાગરમાં ચક્રવાતની શક્યતા છે.

### ખેલૈયા આનંદો : નવરાત્રીમાં વરસાદ વિલન નહી બને

# સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયમાં સાત દિવસ વરસાદની આગાહી કરતું હવામાન વિભાગ

અમદાવાદ,તા.૨૩

હવામાન વિભાગ દ્વારા ગુજરાત રાજ્યમાં આગામી સાત દિવસ દરમિયાન ક્યાંક મધ્યમ તો ક્યાંક ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ભાગોમાં સૌથી વધુ વરસાદ વરસી શકે છે. ત્રણ દિવસ બાદ સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય ગુજરાતના ભાગોમાં પણ વરસાદની પૂરતી સંભાવના છે. કારણ કે, બંગાળની ખાડી પર જે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે તે ધીમે ધીમે આગળ વધી રહ્યું છે અને આજથી તેની અસર વર્તાઇ શકે છે. હવામાન વિભાગ દ્વારા બંગાળની ખાડીના સર્ક્યુલેશનને ધ્યાનમાં રાખીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન અને પશ્ચિમ કચ્છના ભાગોમાં વિધિવત રીતે ચોમાસાની વિદાયની શરૂઆત થઈ છે. એટલે કે, આ વરસાદી રાઉન્ડ છેલ્લો હોય શકે છે. ત્યારે હવામાન વિભાગના ડાયરેક્ટરે ગુજરાતના ખેલૈયાઓ માટે પણ સારા સમાચાર આપ્યા છે. જેમાં નવરાત્રી પહેલા જ વરસાદનો રાઉન્ડ પૂર્ણ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એટલે કે, નવરાત્રીના નવ દિવસ બગડે તેવી ઓછી શક્યતા જણાઇ આવે છે.

# ભાવનગર એલસીબીએ ત્રણ મહિલાઓ સહિત ચાર લોકોને વિદેશી દારૂ સાથે ઝડપ્યા

## પોલીસે ૬૦૦ બોટલ વિદેશી દારૂ ઝડપ્યો



ભાવનગર,તા.૨૩

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેરના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગમાં હોય એ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, અગાઉ ઈંગ્લિશ દારૂના કેસમાં ઝડપાઈ ચૂકેલ આડોડિયાવાસ વિસ્તારમાં રહેતી જયશ્રી દીપક રાઠોડ, તેજલ દીપક પરમાર, મીના રાકેશ રાઠોડ તથા રોનીશ ઉર્ફે જીંગો નિતેશ પરમાર બહારથી દારૂ લઈને ઘોઘા સર્કલ વિસ્તારમાં આવેલ રોટરી ક્લબ પાસે ઊભા છે અને આડોડિયાવાસમાં જવાની ફિરાકમાં છે. જે માહિતી આધારે એલસીબીના જવાનોએ સ્થળ પર પહોંચી ત્રણેય મહિલા તથા શખ્સની અટક કરી તલાસી હાથ ધરતા તેના કબ્જામાંથી ઈંગ્લિશ દારૂની અલગ અલગ બ્રાન્ડની ૬૦૦ બોટલ કિંમત રૂપિયા ૪૫,૦૦૦ વિના પાસ પરમીટે મળી આવેલ, આથી એલસીબીના જવાનોએ ત્રણેય મહિલા અને શખ્સની ધરપકડ કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં રૂા.૩.૬૩ લાખના ડ્રગ્સ સાથે મુંબઈની બે મહિલા સહિત ત્રણ ઝડપાયા

(એ.આર.એલ),જુનાગઢ,તા.૨૩

જૂનાગઢ એસઓજીને ત્રણ દિવસમાં ડ્રગ્સ પકડવામાં બીજી સફળતા મળી છે. જૂનાગઢ જિલ્લામાં નશાનો કાળો કારોબાર પથરાય તે પહેલા જ જૂનાગઢ એસઓજીએ મુંબઈની બે મહિલા સહિત ધોરાજીના એક ઈસમને લાખોના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. આ નશાનો કાળો કારોબાર કરતા માંગરોળમાં ડ્રગ્સની સપ્લાય કરે તે પહેલા જ ધરપકડ કરી લીધી હતી. જૂનાગઢ એસઓજીને બાતમી મળી હતી કે રાજકોટથી કેશોદ થઈ માંગરોળ બે મહિલા અને એક યુવક ડ્રગ્સની સપ્લાય કરવા જવાના છે. જેને લઈ એસઓજી દ્વારા વોચ ગોઠવી મુંબઈની બે મહિલા સહિત ધોરાજીના એક ઈસમ પાસેથી ૨૩.૯૯ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ધોરાજીના ઈમરાન જુમા મતવા જેની સાથે મહારાષ્ટ્રની બે મહિલાઓની ધરપકડ કરવામાં આવી છે.

# ઘરનો જ ઘાતકી : ટ્રેન ઉથલાવવાના કાવતરામાં રેલકર્મી જ આરોપી

સુરત,તા.૨૩

સુરતના કીમ-કોસંબા વચ્ચે મોટી રેલ દુર્ઘટના કરવાનું કાવતરું નિષ્ફળ ગયા બાદ કેન્દ્રીય અને સ્થાનિક એજન્સીઓ તપાસ કરી રહી છે. ખાસ કેન્દ્રીય ગૃહ મંત્રાલયની નજર પણ આ ઘટના પર છે. ત્યારે સુરત ગ્રામ્ય પોલીસનાં સૂત્રો અને રેલવેનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ઘટના પ્રથમ જોનાર રેલકર્મી સુભાષ પોદાર જ



આરોપી છે. પ્રમોશન મેળવવા માટે તેણે આ યોજના બનાવી હતી. પોતે જ પેડલોક કાઢ્યા હતા. સોશિયલ મીડિયામાં પ્રખ્યાત થવા, પ્રમોશન મેળવવા માટે અને રેલવે તરફથી ખાસ એવોર્ડ આવી ઘટનાઓના સતર્કતા માટે આપવામાં આવે છે, એ મેળવવા માટે આરોપીએ કૃત્ય કર્યું છે. ખાસ આવી ઘટનાઓમાં એક્સિડન્ટ એવર્ટેડ એવોર્ડ આપવામાં આવે છે. વ્યક્તિગત લાભ માટે આરોપીએ કૃત્ય કર્યું છે. એટલું જ નહીં, જો પેટ્રોલિંગ વધારે સમય કરવામાં આવે તો રજાઓ લાંબા સમયની મળી જાય છે. આ તમામ હેતુઓને આરોપીએ ધ્યાનમાં રાખીને આ કૃત્ય કર્યું હતું.






### ઢસામાં પણ લંપટ શિક્ષકે બાળકી સાથે છેડતી કરી, બંને શિક્ષકો સસ્પેન્ડ

# દાહોદમાં નરાધમ આચાર્યનું કાળું કરતૂત સામે આવ્યું : બાળકીને અડપલા કરી મારી નાખી

દાહોદ,તા.૨૩

શિક્ષક એટલે બાળકોને ભવિષ્યની નવી રાહ ચીંધનાર ગુરૂ, પરંતુ આજના સમયમાં કેટલાક શિક્ષકોએ ગુરૂ-શિષ્યના સંબંધ પર કલંક લગાવ્યું છે. દાહોદમાં આવી જ એક લંપટ શિક્ષકની ઘટના સામે આવી છે. દાહોદની તોરણી શાળાના આચાર્ય ગોવિંદ નટે દુષ્કર્મના ઈરાદે ૬ વર્ષીય બાળકીને મોતને ઘાટ ઉતારી દીધી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બાળકીનું મોઢું દબાવીને



હત્યા થઇ હોવાનો ખુલાસો પણ થયો છે. બાળકીની હત્યાથી શિક્ષણ જગતમાં ચકચાર મચી છે. તો, બીજી તરફ બોટાદના ઢસાની શાળામાં એક લંપટ શિક્ષક આનંદ જાનીએ બાળકી સાથે શારિરીક અડપલા કર્યા હતા. જેનો વીડિયો વાયરલ થતાં પોલીસ ફરિયાદ નોંધાઇ છે. બંને ઘટનાના દોષિત આરોપીઓને રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સસ્પેન્ડ કર્યા છે.


